ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૧ ૧ ઑક્ટોમ્બર-૨૦૧૬ પાના-૧૨ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી

પરમ સ્નેહી શ્રી સોભાગ,

તમારા ત્રણેક પત્રો પહોંચ્યા છે. એક પત્રમાં બે પ્રશ્ન લખ્યાં હતાં; જેમાંના એકનું સમાધાન નીચે લખ્યું છે.

જ્ઞાનીપુરુષનો સત્સંગ થયે, નિશ્ચય થયે, અને તેના માર્ગને આરાધ્યે જીવને દર્શનમોહનીય કર્મ ઉપશમે છે કે ક્ષય થાય છે, અને અનુક્રમે સર્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ જીવ કૃતકૃત્ય થાય છે, એ વાત પ્રગટ સત્ય છે; પણ તેથી ઉપાર્જિત પ્રારબ્ધ પણ ભોગવવું પડતું નથી એમ સિદ્ધાંત થઈ શકતો નથી. કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે એવા વીતરાગને પણ ઉપાર્જિત પ્રારબ્ધરૂપ એવાં ચાર કર્મ વેદવાં પડે છે; તો તેથી ઓછી ભૂમિકામાં સ્થિત એવા જીવોને પ્રારબ્ધ ભોગવવું પડે તેમાં આશ્ચર્ય કાંઈ નથી. જેમ તે સર્વજ્ઞ એવા વીતરાગને ઘનઘાતી ચાર કર્મ નાશ પામવાથી વેદવાં પડતાં નથી, અને ફરી તે કર્મ ઉત્પન્ન થવાનાં કારણની તે સર્વજ્ઞ વીતરાગને સ્થિતિ નથી, તેમ જ્ઞાનીનો નિશ્ચય થયે અજ્ઞાનભાવથી જીવને ઉદાસીનતા થાય છે; અને તે ઉદાસીનતાને લીધે ભવિષ્યકાળમાં તે પ્રકારનું કર્મ ઉપાર્જવાનું મુખ્ય કારણ તે જીવને થતું નથી. ક્વચિત્ પૂર્વાનુસાર કોઈ જીવને વિપર્યયઉદય હોય, તોપણ તે ઉદય અનુક્રમે ઉપશમી, ક્ષય થઈ, જીવ જ્ઞાનીના માર્ગને ફરી પામે છે; અને અર્ધપુદ્ગલપરાવર્તનમાં અવશ્ય સંસારમુક્ત થાય છે; પણ સમકિતી જીવને, કે સર્વજ્ઞ વીતરાગને, કે કોઈ અન્ય યોગી કે જ્ઞાનીને જ્ઞાનની પ્રાપ્તિને લીધે ઉપાર્જિત પ્રારબ્ધ વેદવું પડે નહીં કે દુઃખ હોય નહીં એમ સિદ્ધાંત ન હોઈ શકે. તો પછી અમને તમને માત્ર સત્સંગનો અલ્પ લાભ હોય ત્યાં સંસારી સર્વ દુઃખ નિવૃત્ત થવાં જોઈએ એમ માનીએ તો પછી કેવળજ્ઞાનાદિ નિરર્થક થાય છે; કેમકે ઉપાર્જિત પ્રારબ્ધ અવેદ્યું નાશ પામે તો પછી સર્વ માર્ગ મિથ્યા જ ઠરે. જ્ઞાનીના સત્સંગે અજ્ઞાનીના પ્રસંગની રુચિ આળસે, સત્યાસત્ય વિવેક થાય, અનંતાનુબંધી ક્રોધાદિ ખપે, અનુક્રમે સર્વ રાગદ્વેષ ક્ષય થાય, એ બનવા યોગ્ય છે, અને જ્ઞાનીના નિશ્ચયે તે અલ્પ કાળમાં અથવા સુગમપણે બને એ સિદ્ધાંત છે; તથાપિ જે દુઃખ અવશ્ય ભોગવ્યે નાશ પામે એવું ઉપાર્જિત છે તે તો ભોગવવું જ પડે એમાં કાંઈ સંશય થતો નથી. આ વિષે વધારે સમાધાનની ઈચ્છા હોય તો સમાગમે થઈ શકે.

પત્રાંક - ૫૪૮ - **શ્રીમદ્ રાજચંદ્ર**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

## લાઓત્સેની વાણી

''જે દુનિયાને ઘડવા માગે છે તે સફળ નહિ થાય. તે એક આધ્યાત્મિક પાત્ર છેઃ મનુષ્યની ઘાટ આપવાની ધારણાથી પર, જે તેની સાથે ચેડાં કરે છે, તે એને બગાડે છે; જે ધારણ કરે છે, તે ગુમાવે છે. પ્રજ્ઞાયુક્ત મનુષ્ય કરવાના અતિરેકને તજે છે. ઝઝૂમવાનું છોડી દે તો તે જીતે છે.

''ઘરની બહાર પગલુંયે મૂક્યું ન હોય, તો પણ માનવ વિશ્વને ચારે કોરથી જાણી શકે છે; બારીની બહાર નજર સરખીયે કરી ન હોય તો પણ સ્વર્ગના માર્ગને જોઈ શકે છે. મૂળમાંથી દૂર ગયો એટલે એનો પ્રકાશ ઝંખવાઈ ગયો સમજવું. તેથી જ ઋષિ દોડાદોડ કરતો નથીઃ ન જોતાં છતાંય બધું પ્રકાશિત થાય છે, ઝઝૂમતો નહિ હોવા છતાંય બધું સિદ્ધ થાય છે.

''કોમળમાં કોમળ વસ્તુઓ સતત ઝરવાને કારણે સખતમાં સખત વસ્તુને ઘસી નાખી શકે છે. આત્મશક્તિનો મૃદુ પ્રવાહ તરાડ વગરના ઘન પદાર્થમાં પ્રવેશે છે. આમાં હું દખલગીરીના અભાવનાં શક્તિ અને વજન જોઉં છું. બોલ્યા વગર શીખવવું, ઝઝૂમ્યા વગર આદર્શે પહોંચવું, - એ ઋષિની વિરલ સિદ્ધિ છે.

''પાંડિત્યને ફેંકી દો, વધારે પડતા જ્ઞાનને તજી દો. અને તમને સોગણો લાભ થશે. ભારવાહી પરોપકારને દૂર કરો, દખલગીરી કરતાં સદાચારને તિલાંજલિ આપો. અને પછી લોકોમાં વાત્સલ્ય પ્રગટશે, ભ્રાતૃભાવ જન્મશે. યુક્તિપ્રયુક્તિ અને મેળવવાના આદર્શોથી ખાલી થઈ જાઓ, અને લૂંટારાઓ ને ચોરો અદશ્ય થઈ જશે. કેળવણી વ્યર્થ નીવડી છે. અંતઃપ્રેરિત સારાપણાને વળગી રહો. સરળ થાઓ, સહજ થાઓ. મહત્ત્વાકાંક્ષા પર લગામ રાખો, કામનાને દબાવો.

''જે મનુષ્ય મોઢાને બંધ કરે છે, ઈન્દ્રિયોના પ્રવાહને રોકે છે, તે જીવનમાં ધન્ય છે. જે મનુષ્ય ઈન્દ્રિયોનાં બારણાંને ખોલે છે અને આમતેમ અથડાય છે, તેને ઉદ્ધારી શકાય નહીં.

''હું ત્રણ કિંમતી બક્ષિસોને જાણું છું. તેમને વળગી રહેજો.પ્રેમ, મિતવ્યયીપણું અને ત્યાગ. જ્યાં પ્રેમ છે ત્યાં ભયને સ્થાન નથી હોતું. જ્યારે માણસ મિતવ્યયી હોય છે, ત્યારે તે બધું જ દઈ શકે છે. જ્યારે માણસ ઊંચી પદવીને ત્યજે છે, ત્યારે તે સેવાનું બારણું ખોલે છે. આજે મનુષ્યો ભયથી શાસન કરે છે, પ્રેમથી નહીં, કંઈ પણ બચાવ્યા વગર તેઓ ઉદાર થવા ઈચ્છે છે; સેવા કર્યા વગર પ્રગતિ કરવા ધારે છે, આ બધે રસ્તે છે પડતી. એકમાત્ર પ્રેમ જ બધાનો સામનો કરી શકે છે. **'મરમી સંતોનું દર્શન' પા.૫૪-૫૫ માંથી**

## ગાંધીવાણી (મહાદેવભાઈની ડાયરીમાંથી સાભાર)

"Message to be delivered"

પ્રત્યાદેશ (દેવતાએ આપેલો આદેશ) નાના પ્રકારના થાય છે, પરલોકના આત્મા ઉપદેશ કરે તો એને કોઈ મહાત્મા સૂક્ષ્મ દેહે કે આવી ઉપદેશ કરે તો તેને પણ પ્રત્યાદેશ કહે છે. પરંતુ યોગ્ય પ્રત્યાદેશ ભાગવત આદેશ છે. વિશેષ ચિતશુદ્ધિ ના હોય તો ભગવાન આદેશ સાંભળી શકાતો નથી. ભગવંત આદેશ વિવેક નથી, મનનો ભાવ નથી. ભગવત આદેશ આત્માથી સુણાય છે. યોગ્ય પ્રત્યાદેશ જીવનમાં એક બે થી અધિક થતા નથી. અહિંસા પરમો ધર્મ છે, એ સાંભળી બુધ્ધ દેવે જગતને જાગૃત કર્યું. શ્રી ચૈતન્યે ''જીવદયા'' નામે ભક્તિ સાંભળીને જગતને ઉન્મત કરી દીધું. ખ્રિસ્ત ભગવંતે સેવાથી જીવનો ઉધ્ધાર થાય છે એક જણ બે પ્રભુની સેવા કરી શકતો નથી. એ રીતે જે જે પ્રત્યાદેશ સાંભળે છે તે ગૃહના ખૂણામાં સંતાડી રાખતો નથી તે જગતમાં વ્યાપી જાય છે. ઋષિઓએ જે જે પ્રત્યાદેશ સાંભળ્યા, તે ઉપદેશરૂપે મોજુદ છે. પ્રત્યાદેશ સત્ય, પતિત પાવન, જવલંત ઉત્સાહપૂર્ણ મધુર છે તેની સાથે કોઈનો વિરોધ થઈ શકતો નથી. **(મહાદેવભાઈ ડાયરી ભા.૧૬-પા.૭૫-૭૬)**

મારો વખત આવશે ત્યારે કોઈ જાતના તેડાની જરૂર નહીં રહે. હું જ્યારે બહાર પડીશ ત્યારે દુનિયા છક થઈ જશે. **(ભા.૨૧ પા.૧૫૯)**

**પ્રશ્ન : અનુભવનો વારસો આવતી પેઢીને કંઈ રીતે આપી શકાય ?**

**ઉત્તર :** સુંગધપર ગુલાબને ચોપડી નથી લખવી પડતી કે ઉપદેશ આપવો પડતો નથી. એનું સૌંદર્ય છે તે જ વાકપટુતાની ગરજ સારે છે. પણ ગુલાબની સુવાસ કરતાં આધ્યાત્મિક જીવન અનંતગણું વધુ ચડિયાતું છે. હું તો દાવો કરું છું કે આધ્યાત્મિક અભિવ્યક્તિ આવી કે વાતાવરણ તરત પ્રતિધ્વનિ આપશે. **(ડાયરી ભા.૨૧/પા.૧૫૫)**

અહિંસાનો એક ગુણ યાદ રાખજો. એ છે ભાગ્યે જ બોલવાનું ફક્ત સાદાઈ અને ચુપકીથી કામ કરી જવાબ આપવાનું એ બુધ્ધિને ઉદ્દેશીને કશું કરતું નથી. હૃદયને વીંધી નાખે છે. **(૨૧/૧૩૪)**

તમારા હોઠ કરતાં તમે જે રીતે જીવો છો તે વધુ પ્રભાવ પાડે છે. **(૨૧/૧૪૭)** હું આપણી સાથે વિશ્વનો લોકમત સાથે સાથે ચાલે એની પરવા નથી કરતો અને દુનિયા આપણને સમજી શકે એ પણ નથી માંગતો. દાંડી કૂચને વિશ્વ ક્યાં સમજતું હતું? દાંડી માર્ચ વિષે દુનિયામાં બધા હસતાં હતા પણ આપણા લોકો સમજ્યા પછી જગત સમજી શક્યું. ૨૨/૧૫૧

આત્માની ભાષા શબ્દોમાં વ્યક્ત કદી થતી નથી. એ શરીરથી ઉપરના સ્તરે જઈ પહોંચે છે. ભાષા સત્યની ઉપર મર્યાદા મૂકે છે. કારણ સત્યની પ્રતીતિ જીવન યાત્રામાં જ થતી રહે છે. **(૨૧/૧૫૫)** મારી અને ઈશ્વરની વચ્ચે કોઈ મધ્યસ્થી કરનાર નથી. ત્યારે હું ઈશ્વરનું વાહન બની જાઉ છું તે વખતે ગંગાની જેમ છલકાઈ જાઉં છું. એટલે મારાથી નમ્રતાની ભાષા વપરાતી નથી જ્યારે તમે સત્યમય જીવન ગાળતા હો ત્યારે બોલવાની કાંઈ ઈચ્છા રહેતી નથી. સત્ય તો બહુ મિતભાષી છે. જીવી બતાવો તેથી વધુ કોઈ ધર્મપ્રચાર નથી. પણ આવો માણસ સત્ય શોધક બની જાય છે. લોકો કુદરતી રીતે તેની તરફ આકર્ષાય છે પછી એ એમની સાથે બોલશે. તમારી ખ્યાતિ એટલી ફેલાશે કે દુનિયાના બધા ભાગમાંથી લોકો જોવા આવશે. **(૨૧/૧૫૬)**

**પ્રશ્ન : તમને કંઈ ચિન્હ દેખાય છે ખરું કે આ ઉચ્ચ જીવનનાં જેને સૂચન મળ્યા હોય છે એ લોકો એકત્ર થાય છે ?**

**જવાબ :** હા, પણ આવી સંસ્થાઓ મારફત નહી, સંસ્થાઓ તો પ્રક્રિયાને (પ્રગતિને) રૂંધે છે. **૨૧/૧૫૬.** સારા હેતુની કિંમત તો ઈશ્વરને આંગણે છે. માણસ આગળ નહીં **(૨૧/૨૦૫)**

માનવી માટે ઘણી ચીજો અસંભવિત છે. ઈશ્વર માટે કાંઈ અશક્ય નથી. **(૨૨/૨૮)**

ધર્મનું મૂળ સ્તોત્ર આપણી અંદરનો ઈશ્વર છે. એ આપણને જે શ્રધ્ધા બક્ષે છે તે આપણે કદી ન છોડીએ. આપણો પથદર્શક, માલિક, સમ્રાટ અને જે કહીએ તે એ છે. તેને સાથે રાખી ગમે તે કરીએ, આખી દુનિયાના વિરોધને પહોંચી વળશું, આપણી આસ્થા છે. તેને વળગી રહીશું. **(૨૨/૩૫)**

કોઈ ઠઠ્ઠા, મશ્કરી કરનાર અને સંશયવાદી નાસ્તિક ઉંધો દોરવાઈ જાય અને કહી શકે કે આ બધું મારા કલ્પનાનું ઉભું કરેલુ છે ને એને વસ્તુસ્થિતિ સાથે કોઈ સંબંધ નથી પણ જો આ ખરું હોય તો તમારી પાસે એકરાર કરવા આવ્યો છું કે મારા જીવન અને વિકાસ આવા કલ્પનાના આધારે ટકી રહ્યા છે અને ઓછામાં ઓછું મારા પૂરતું તો એટલું કહેવું સાચું પડે કે પ્રગતિ માટે મારે આવા કાલ્પનિક તુક્કાઓની જરૂર રહી છે. છેવટે કલ્પના શક્તિ કોઈ હસી કાઢવા જેવી તુચ્છ ચીજ નથી કે જીવનની રોજીંદી બાબતોમાં એને સર્વથા બાજુઓ મુકો. **(૨૨/૬૭)**

જો હું સંપૂર્ણ હોત તો આજે તમારી સાથે આ બધી ચર્ચા કરવાની જરૂર નહોત. હું જ્યારે સંપૂર્ણ હોઈશ ત્યારે પ્રજાને તો મારે માત્ર એક બોલ જ કહેવાનો હશે અને તે એ ઉઠાવી લેશે. હું આ સ્થાન સંપૂર્ણ સેવા કરીને પામવા માંગુ છું. **(૮/૨૪૪)**

''જ્યાં સુધી શ્રધ્ધાની જ્યોત ઝળહળતી રહેશે, અને આશા છે કે તેમ જ થશે, તો સાવ એકલો હોઈશ તો પણ કબરમાં પણ જીવતો હોઈશ! અને વળી કહું કે ત્યાંથી પણ બોલતો રહીશ'' **(ગાંધીજી ઘડિયાળ. લે. ગુણવંત શાહ, પા.૨૨૬)**

શ્રધ્ધા એ તો હજી જે પુરવાર નથી થયું તેના વિશેની દૃઢ પ્રતીતિ છે, ખરેખરી સંભાવના વિશેનું જ્ઞાન છે, સગર્ભાવસ્થા વિશેની સભાનતા છે. ઉપરના આવરણને ભેદીને અંદરના ગર્ભને જે જોઈ શકે એવી જ્ઞાનની અને આકલનની વિશિષ્ટ શક્તિ ઉપર શ્રધ્ધા અવલંબેલી છે, શ્રધ્ધા એ ભાવિની આગાહી નથી. પરંતુ સગર્ભાવસ્થામાંનું વર્તમાનનું દર્શન છે... એરીક ફ્રોમ - શાણો સમાજ માંથી.

## આ અંકમાં


| | | |
|---|---|---|
| રાજવાણી - લાઓત્સેની વાણી, ગાંધીવાણી | | ૧-૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ-ભા.૫મો. | તંત્રી | ૩-૪ |
| નિમિત્ત છો એ સમજાય, નજરિયા બદલાય | સર્વેશ વોરા | ૫ |
| ચાલો પાંજરાપોળને સ્વાવલંબી બનાવીએ | મનોજ સોલંકી | ૬ |
| ભારતનું ભાવિ, ખાલીપો | | ૭ |
| ૮૦વર્ષીય ડોક્ટર ગાયના તસ્કરો સાથે બાથ ભીડે છે | | ૮ |
| ખભો આપવો એ મહાપુણ્ય છે, અબોલી અનામિકા | | ૯ |
| સત્ય આપણા અંતરમાં રહેલું છે | | ૧૦ |
| સાહજીક જીવન એ જ સાધના, મુડા | | ૧૧-૧૨ |

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.પમો

પ્રથમ વરસના મૌનમાં એક પરિચિત સાધુ મહારાજ પણ મળેલા કહે, શ્રીમદ્ પણ પડ્યા હતા, એના કરતાં અમારી સાથે આવી જા, અમે જવાબ આપેલ, ''શ્રીમદ્ પડ્યા હતા તો અમે પણ તે કુવામાં પડશું અનંત જન્મ વ્યર્થ ગયા છે તો એક વધારે પણ તમારી સાથે તો નથી જ પડવું.''

અવાજ હતો ''ઘરે જાવ-સફાઈ કરો.'' અહંકારને હિસાબે કોબા અને બીજે થોડો સમય ફરીને પછી ઘેર આવ્યો. મકરંદભાઈ અને અરૂણ ભટ્ટને મળવાનું થયેલ કહે આ અંદરની સફાઈની વાત છે. પણ અમને જે અર્થ સમજાયો તે સ્પષ્ટ હતો કે સફાઈ એટલે આ દેખાતી ગંદગી ઝાડુથી સાફ કરવાની છે. પણ એવું કામ કરાય? અહંકાર, શરમ-સંકોચ તેથી આજે કરું કાલે કરું એમ દિવસો મહિનાઓ વીત્યા પણ કામ શરૂ ન થયું. પણ પછી છ એક મહિના પછી ઝાડુ, પાવડો, ઘમેલા લઈને શરૂ કર્યું.

અમે બધા ચાલીઓમાં રહીએ આગળ સફાઈ બધા કરે પણ બારીની પાછળથી બધા કચરો નાખ્યા કરે. પાછળની બારીના છજામાં એ બધો કચરો પડ્યો રહે ત્યાં સાફ કોણ કરે? પાછળના ભાગે પણ કચરો એઠવાડ પડ્યા રહે. કોમન સંડાસ બાથરૂમની જગ્યામાં ડ્રમમાં બધા એઠવાડ નાંખે આખો દિવસ એ ગંદગી રહે. ઝાડુવાળો સાફ સફાઈ કરીને જાય પણ થોડા જ કલાકમાં પાછી એવીને એવી હાલત થઈ જાય. આવી હાલત સોસાયટીની હતી.

પ્રથમ પાછળની સફાઈ ચાલુ કરી. ઘરમાં પત્ની સિવાય બધાનો અણગમો ચાલુ થયો. પત્નીને પણ ગમ્યુ તો ન જ હોય પણ એ બાબત દલીલ કે ક્રોધ બોલચાલ ક્યારેય ન થઈ હતી. ભયંકર ગંદગી હતી. તે સાફ કરતો ગયો થોડો સુધારો થયો. સવારે કોમન ચોકડાના ડબાનો કચરો ઝાડુવાળો લઈ જાય બપોરે હું એ સાફ કરું. ટેબલ ઉપર ચડીને આગળ પાછળનો પેલા માળના છજા સાફ કર્યા. પેસેજના ઝાળા સાફ કર્યા ધીમે ધીમે થોડી જાગૃતિ આવી બધાને પાસેથી ૧૧રૂ. લઈ પ્લાસ્ટીકના ડબા લઈ આપ્યા. ચોકડાની ગંદગી લગભગ બંધ થઈ. પાછળની સફાઈ પણ થઈ.

આ સફાઈ કરતા ક્યારેક મિત્રો, ક્યારેક સગા વહાલા, ક્યારેક સાસરી વાળા પણ ભેગા થઈ જાય પણ આપણે તો મસ્તીથી સફાઈ કરતા રહ્યાં.

નગરની સફાઈ પુરી થઈ. પછી શેરીમાં જે પહેલા ગોળ ડબાઓ મ્યુનીસીપાલીટી રાખતા ત્યાં બધા કચરો નાખે. ડબામાં તો ભાગ્યે જ નાંખે. ફેકે એટલે વર્તુળ વધતું જાય અને ડબાની આજુબાજુ કચરો ફેલાયેલો રહે. આ ડબાની આજુબાજુની સફાઈ ચાલુ કરી. સવારે આજુબાજુ ફેંલાયેલ કચરો ડબામાં નાખવાનો અને સાફ રાખવાનો. સાંજે પાછો એમ જ આજુબાજુનો કચરો ભેંગો કરી ડબામાં નાખવાનો. સાંજે ડબા પાસે બેસવાનું કચરો ડબામાં નાંખો એમ કહેવાનું કોઈ એમજ બેઠા હોય છતાં ફેંકી જાય તો ડબામાં નાખવાનો એમ ધીમે ધીમે આ સફાઈ પછી કાંદિવલીમાં ઈરાનીવાડીમાં સફાઈ ચાલુ કરી. કચરા ગાડી - ઘમેલું - ઊભા ઝાડુઓ - પાવડો એ બધું વસાવીને ત્યાં સફાઈ કરી.

કાંદિવલીમાં એક મિત્રનો ''રાજ રચના'' બીલ્ડીંગમાં બ્લોક ખાલી હતો ત્યાં રહેવાનું શરૂ કર્યું. રોજ આંબેલ રાખી ઉપાશ્રયમાં આંબેલ કરી લેવાનું રાખેલ. મલાડ જેમ જ ડબાઓની સફાઈ, કોમન સંડાસોની સફાઈ આમ કામ શરૂ કર્યું.

અહિં 'સ્વચ્છતા યજ્ઞ' ના નામે પેમ્ફલેટ છપાવેલા ઉપર સૂત્ર હતું ''સર્વોત્કૃષ્ટ શુધ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિધ્ધિ'' નીચે લખેલ કન્વીનર સત્પુરુષોની પ્રેરણા અને આશિર્વાદ- રમેશ દોશી (નિમિત)

એક ઈરાદો હતો કે ''રાજ રચના'' માં બધા સત્સંગમાં આવે અને એથી આ સફાઈની વાત ને સમજાવી શકાય. સમય રાતનો રાખેલ. પણ આશ્ચર્ય કહો કે ગમે તેમ ક્યારેય કોઈ આવ્યું જ નહી જો કે અમે એ અપેક્ષા નહોતી રાખી આવત તો ગમત, ન કોઈ આવ્યું તો ક્યારેય નિરાશા થઈ નહોતી.

અહિં એક અદભૂત ઘટના ઘટેલ. ''રાજ રચના'' ની પાછળ પેસેજમાં બધા એઠવાડ નાખીને ગંદગી કરતા હતા ત્યાં ક્યારેય સફાઈ નહોતી થતી. અમે આ સફાઈ કામ પ્રથમ હાથમાં લીધું. એંઠવાડ એમ જ પડ્યો રહે તો દુર્ગંધ બહુ ન આવે પણ એ કચરોને હલાવો કે ઉપર નીચે કરો એટલે ભયંકર દુર્ગંધ શરૂ થાય. અમે તો સફાઈ ચાલુ કરી. એ ઉકરડામાંથી પ્રચંડ સુગંધનો અનુભવ થયો. એવી સુગંધ કે હજી સુધી ફરી એવી સુગંધનો અનુભવ નથી થયો. કામ કરતા તો એમ જ લાગ્યું કે કો કે અતર ઢોળ્યું હશે. પણ રાત્રે પ્રાર્થનામાં બેઠો ત્યારે એનો ખ્યાલ આવ્યો કે આ કોઈ દૈવી સુગંધ હતી. આ ચમત્કાર નથી પણ આપણે સાચે માર્ગે છીએ એની નિશાની છે. સાધકને સાધનામાં ક્યારેક સુગંધ-પ્રકાશ-દીવો વિગેરે આવા અનુભવ થાય છે એ મંઝિલ નથી પણ આપણે સાચે માર્ગે છીએ એનો માઈલ સ્ટોન છે. કૃપાળુ દેવે પત્રાંક ૩૦૫ માં લખેલ છે. ''કોઈ પણ પ્રકારનું દર્શન થાય તેને સમ્યક્જ્ઞાન મોટા પુરુષોએ ગણ્યું છે એમ સમજવાનું નથી. પદાર્થનો યથાર્થ બોધ પ્રાપ્ત થાય તેને સમ્યક જ્ઞાન ગણવામાં આવ્યું છે.

ધર્મજ જેમનો નિવાસ છે તેઓ હજુ તે ભૂમિકામાં આવ્યા નથી. તેમને અમુક તેજોમયાદિનું દર્શન છે. તથાપિ યથાર્થ બોધપૂર્વક નથી. દર્શનાદિ કરતાં યથાર્થ બોધ શ્રેષ્ઠ પદાર્થ છે. આ વાત જણાવવાનો હેતુએ છે કે કોઈ પણ જાતની કલ્પનાથી તમે નિર્ણય કરતાં નિવૃત થાઓ.''

એક હેન્ડમાઈક પણ વસાવેલું.

આમ કામ સરસ ગોઠવાતું ગયું લોકોનો સહકાર મળવા માંડ્યો.

ડાયરીના પાના નં ૧૧૨ માંથી (તા.૧૮.૧૧.૯૭) માંથી

''અને એકવાર વાવાઝોડાની જેમ મોહલ્લાના બધા સ્વચ્છતા યજ્ઞમાં જોડાયા અને સફાઈ શરૂ થઈ. નગરસેવકો ઓળખવા માંડ્યા. એમને તો પોતાની પાર્ટીમાં જોડાય એ જ રસ પણ આપણે તો આપણી મસ્તીમાં રહ્યાં. પરીવારનું તો એમ જ ગાડું પ્રભુ કેમે કરીને ચલાવી રહ્યો હતો. નગર સેવકે એ વખતના કાંદિવલીના મ્યુ. કમીશનર ખૈરનાર સાથે મેળાપ કરાવ્યો. ખૈરનારે વાત સાંભળી કહ્યું આના માટે તો કંઈક કરવું જોઈએ. એટલી વાત થઈને કોઈ આવ્યું અને એ પોતાના કામમાં પડી ગયા. અમે વાત પુરી કરીને નીકળ્યા. પછી તો વાત વાતને ઠેકાણે રહી. એ પણ વીસરી ગયા અને અમે તો એવો વિચાર સરખો કર્યો જ ન હોતો. સેવાના કામમાંથી નિજસ્વાર્થે કે આજીવિકાર્થે પણ કંઈ લેવું એવું ક્યારેય ખ્યાલમાં આવ્યું જ નહીં. આજીવિકાર્થે નોકરી કરી અને ગરીબીમાં ચલાવ્યું અને સેવા તો મસ્તીથી મસ્ત રહીને કરી. એનો અપૂર્વ આનંદ લૂંટ્યો-મળ્યો એનું

કારણ જ સેવા અને ધનની ભેળસેળ ન થઈ સેવા દુષિત ન થઈ. સહજ એવા મિત્રો ઈશ્વરે મેળવી આપ્યા છે જે સમયે સમયે મદદ કરતા રહ્યા છે. આમાં મુખ્ય બે રહ્યા. કિશોરભાઈ જૈન બેંગલોરવાળા અને વસંતભાઈ શાહ બોરીવલીવાળા વસંતભાઈને તો અમે ક્યારેય પહેલા મળેલા નહી. કોઈએ વાત કરી હશે એમને એટલે અમે મૌન સાધનામાં હતાં ત્યારે ઘરે આવીને સારી એવી રકમ આપી ગયેલ. મારા મોટા પૂત્ર સુહિલને પોતાની ઓફિસમાં સર્વિસમાં રાખી દીધેલ અને ગુજરાન ચાલે એટલો ૩૫૦૦રૂ. પગાર બાંધી દીધેલ. એમનો આશય એટલો જ કે આ સાધના નિર્વિઘ્ને કરી શકે અને પરીવાર આજીવિકા માટે મને મુંઝવે નહી. સહજ ગુજરાન (૧૯૯૭માં) એમનાથી ચાલી રહ્યું છે. લોકોને એમ છે કે મારી પાસે કંઈ સારી એવી બચત છે એટલે આમ રહું છું. પણ એક પૈસાની મારી અંગત બચત ન ક્યારેય હતી ન આજે છે. એ સ્વચ્છતા યજ્ઞ જ્યાં ગતિમાં આવ્યો ત્યાં અવાજ આવ્યો કે ''આ મુકી દે. મૌન થઈ જા.'' લ્યો ક્યાં જાઉં હવે ? એ કંઈ સૂઝતું નહોતું. આ સ્વચ્છતા યજ્ઞ ચાલતો હતો ત્યારે કેટલીકવાર ચિંચણમાં આવવાનું થયેલ. એમાં પૂ. માટલિયાનો મેળાપ થયો બીજા પણ મળ્યા. બધાને સ્વચ્છતા યજ્ઞમાં રહેલ ક્રાંતિની વાત કરી પણ કંઈને કંઈ સલાહ આપીને એમ જ દૂર રહ્યાં.

સ્વચ્છતા યજ્ઞ ચાલ્યો. ૧૯૮૭ અને ૧૯૮૮ ના કેટલાક મહિના. આ ''મુકી દે-મૌન થઈજા'' અવાજ આવ્યો ૧૯૮૮માં આ અવાજે કામ ધીમું પડતું ગયું અને ત્યાં જ મુંબઈમાં રસ્તા વચ્ચે માટલિયાજી મળી ગયા અને ૧૯૮૮ના મૌનનું ચિંચણમાં ગોઠવી આપ્યું. આ મૌનમાં બેસવા મળ્યું એ છે સેવાનો પ્રતાપ. આજે મને (૧૯૯૭માં) ખ્યાલ આવે છે કે દસેક વર્ષ જે પણ કંઈ સેવાના કાર્ય કર્યા એ પણ સાધના જ હતી. એ સાધનાનો જ એક ભાગ હતો. સાધના અને સેવા એ બંને કંઈ અલગ હોઈ શકે ? કેવી ભ્રમણા ભ્રાંતિ સાધનાના નામે ઊભી કરી છે. એ હવે સમજાય છે. એક સિક્કાની બે બાજુ છે સેવા અને સાધના. સેવામાં લક્ષ સ્વવિકાસનું રહેવું જરૂરી છે. નહિતર સેવા ભલભલાને ભરખી જાય છે. એ પણ એટલું જ જરૂરી છે કે સેવામાં અંશમાત્ર અહમ્‌માં વધારો દેખાય તો એ સેવા વિષે વિચારવું જ જોઈએ એ માટે ફરી મૌનમાં જઈને પરીક્ષણ કરવું એ જ એનો ઉપાય છે.

સાધકે ચાલતી સેવાઓમાંથી પોતાના આત્માને ગમે તેવી સેવામાં જોડાઈ જવું એમ કરતાં કરતાં ઈશ્વર સાચી સેવામાં જોડાણનો યોગ કરી આપશે. એને જ સાધના માનવી પોતે સેવાનો ઝંડો લઈને સંસ્થા કે એવી ઝંઝાળ ઊભી કરે તો ડીંડવાણું થાય ને ?

આ પુણ્ય કાર્ય કરું છું એવા અંશ માત્ર ખ્યાલ વગર આ સ્વચ્છતા યજ્ઞ ચાલ્યો. પણ આજે સ્પષ્ટ દેખાય છે એ કચરા ગાડીમાં કચરો નહી હું કંચન ભરી ભરીને લુંટી રહ્યો હતો. પુણ્યના તો ઢગલે ઢગલા એ યજ્ઞમાં મારે નામે જમા થયા એ હવે મૌનમાં બેઠા છીએ ત્યારે ખ્યાલમાં આવે છે.

(''મૌન મંગલધ્વનિ'' ડાયરી પાના નં.૧૧૧-૧૧૨-૧૧૩)

અમારી સાધનામાં પરમ ઉપકારી રહ્યા છે દુલેરાય માટલિયાજી અમારી ઉપર લગભગ ૯૪ પત્રો એમના છે. અદભૂત આ ખજાનો છે. એમાંનો એક પત્ર નં.૨, તા.૧૮/૭/૯૨

પ્રિય રમેશભાઈ,

આજે તમારું સતત સ્મરણ રહે છે ગઈ કાલે ચિત્રલેખા તા.૨૭.૭.૯૨ના અંકના મદ્રાસની અજોડ સફાઈ ઝુંબેશ પા.૩૨ પર ગઈ કાલે રાત્રે લેખ વાંચ્યો ત્યારથી તમારું સ્મરણ રહ્યા કરે છે. એમ.બી. નિર્મલે ૧૯૮૯ના માર્ચમાં એકસનોરા સંસ્થા શરૂ કરી તેની વિગત વાંચી ત્યારે તેની પહેલાએ તમારા અંતરાત્માના આદેશથી ધર્મક્રાંતિરૂપે તમને જે વાત સુઝી હતી ને શરૂ કરી હતી તેનું રહસ્ય સમજાયું તમને તે દિશામાં પ્રેરવાને ઉતેજવામાં અમે ઉણા ઉતર્યા કેમકે તમને જે અંતરદર્શન થયેલું તેનાથી અમે વંચિત હતા. હવે તમે પ્રતિકરૂપે તો કંઈક અંશે જાળવી રાખેલ છે પણ તમારા અંતરમાં પડેલી સચ્ચાઈ અને આત્મવિશ્વાસ હજી અણનમ છે. તમે તમારા અંતરાત્માના નાદને અનુસરશો તો જે પ્રાપ્ત કરવાનું છે તે મળી રહેશે તેવો મને વિશ્વાસ બેઠો છે. ખરી રીતે તો ત્યારે જ તમારા કામને સક્રિય સાથ દેવો જરૂરી હતો તેને બદલે ઉપર છલ્લી સલાહો આપી તમારી ગતિને આધ્યાત્મિક દિશામાં જતા રોકી એવું મને લાગે છે. એટલે અંતરનાદને અનુસરો, જે એ સુઝાડે છે તે જ એ પાર પાડશે તેમ કહેવાનું કર્તવ્ય લાગે છે. વર્તમાને જે અંતરાત્માને સુઝે તેને વર્તમાનની સચ્ચાઈથી અનુસરો. ઘરના, પડોશના મિત્ર મંડળ સૌ સહયોગ આપે અને તમારા સાથીદારરૂપે પડખે જ રહે તેમ થાઓ.

લી. દુલેરાય માટલિયાના પ્રભુ સ્મરણ.

''બંધ કરો સ્વચ્છતા યજ્ઞ'' આ અવાજથી કાર્ય ઠંડું પડતું ગયું. માટલિયાજી મળ્યા અને એમણે મણીભાઈ સાથે વાત કરી ચિંચણ દરિયા કિનારે નાની એવી રૂમ હતી સમાધિ પાસે ત્યાં ગોઠવી આપ્યું.

લાઈટ-પાણી-સંડાસ કોઈ વ્યવસ્થા નહોતી. રૂમ ઉપર સીમેન્ટના પતરા હતા. બારી તુટેલ, ક્યાંક પતરા પણ તુટેલ. એકાદ નાની પાટ લઈને ત્યાં મૌનમાં રહેવાનું ચાલુ કર્યું.

રોજ સવારે આશ્રમમાં પ્રાર્થનામાં જવાનું વળતી વખતે ગૌશાળાનું છાણ વાસીદું સફાઈ કરીને પાછા આવી જવાનું. સવાર સાંજે રસોડે જમીને આવી જવાનું. ફાનસ રાખેલ, પાણી કુવેથી ભરીને ફટકડી ફેરવીને વાપરવાનું રાખેલ. પીવાનું એકાદ ડોલ સામે મંદિર પાસે નળ આવતો ત્યાંથી ભરીને લાવતો. રૂમ પાછળ ખેતરમાં ખાડા સંડાસ કંતાન નાખીને બનાવી લીધેલ. આમ ચિંચણમાં સાધના શરૂ થઈ.

અદભૂત-અનડીસ્ટર્બ આ સ્થળ રહ્યું. પ્રકૃતિની વચ્ચે અને સામે ધુધવતો દરિયો- ખુલ્લું આસમાન-ચારે બાજુ નાળિયેરીના ઝાડો અને શ્રેષ્ઠ સમાધિ સ્થળ વચ્ચે રહેવાનું મળ્યું એ પરમ સૌભાગ્ય છે. આ સ્થળે પૂ. સંતબાલજી રોજ સાંજે એક ટેકરો હતો ત્યાં બેસતા અને પોતાના કાળધર્મ પછી અહિં જ સમાધિ કરવાની સુચના કરતા ગયેલ અને એ મુજબ આ સમાધિસ્થળ બનેલ છે અને સરકારે પણ પાછળથી બે એકર જગ્યા સમાધિ માટે આપેલ. પરમકૃપાળુ દેવના જેમ ઈડર ઘંટિયા પહાડ પર જબરદસ્ત Vibration છે એમ અહિં સંતબાલજીના એવા જ જબરદસ્ત પ્રવાહો છે. મૌન માટે આ શ્રેષ્ઠ સ્થળ છે, સંતબાલજી પણ મૌનના મહાન આરાધક હતા છતાં ટ્રસ્ટીઓ એવા મૌનની પ્રચંડ ઉપેક્ષા કરીને આ સ્થળની ભયંકર અસાતના કરી રહ્યા છે. આજે પણ અમારા હૃદયમાં આ જોઈને ખેદ થાય છે ખેર ક્યારેક એ થઈને રહેશે એવી પ્રાર્થના હંમેશા રહે છે. સાચા સાધકને જ ખબર પડે છે કે આવી જગ્યાની કેટલી બધી મહતા છે. અમારા સૌભાગ્ય છે સાધના માટે શ્રેષ્ઠ સ્થળો મૌન-એકાંત માટે સહજ મળતા રહ્યાં છે. એ ગુરૂકૃપા પણ છે. **... ક્રમશઃ**

# નિમિત્ત છો એ સમજાતું જાય, નજરિયા બદલાય

કેનિયામાં ત્યાંના એક જાણીતા ભારતીય મૂળના ઉદ્યોગપતિ સાથે મુલાકાત ગોઠવાઈ હતી. એમની ઓફિસના ટેબલ પર એક જાણીતું ગુજરાતી સાપ્તાહિક પડેલું. પેલા ઉદ્યોગપતિની ખુરશી પાસે મા જગદંબાની વ્યાઘ્રવાહિની છબી સામે નજર પડી, ને પેલા લેખમાં એક સંકેત ઉપર છલ્લો વાંચ્યો. અંબાજીનાં મંદિરના ગુમ્બજ માટે સુવર્ણ આવરણ માટે પચીસ લાખ આપનાર કોઈ દાતાની અપેક્ષાનો એ લેખમાં સંકેત હતો. કોણ જાણે મને કોઈ અદમ્ય આદેશ થયો, ને મેં પેલા ઉદ્યોગપતિને સૂચવ્યું: આ ગુમ્બજનો લાભ તમારે હાથે લેવાય તો? એમણે વિનમ્ર સ્મિત કર્યું. ત્રણ ચાર મહિના પછી વર્તમાનપત્રોમાં ફોટો જોવા મળ્યો. અંબાજીના સુવર્ણ ગુમ્બજનું અનાવરણ પેલા ઉદ્યોગપતિ કરી રહ્યા છે.

આખી ઘટનામાં આ લખનાર કે પેલા ઉદ્યોગપતિનું મહત્ત્વ છે તેમ નથી પણ મહત્ત્વ છે 'નિમિત્ત' બનાવતી ઘટનાઓ ફિલ્મો કરતાં પણ વધુ રોમાંચક લાગશે. વાત હવાઈ ફિલસુફીની નથી, વાત નક્કર વાસ્તવિકતાની છે. આપણે ધારીએ કાંઈક, મુલાકાત કોઈ અન્ય હેતુસર યોજાય ને ફળ કાંક જુદું જ આવે. જીવનને વ્યાપક રીતે તપાસતા હસવું આવે કે કુદરતે કેવી કમાલ કરી! અમુક નકારાત્મક અનુભવ જો ના મળ્યો હોત, તો મારાં જીવનનાં સમીકરણનો સરવાળો કેટલો અજુગતો આવત! ડોક્ટર બનવાની આકાંક્ષા ધરાવનાર વ્યક્તિ રાજકારણી બની જાય છે, ને કદાચ પોતાના સેવાભાવ અને નિષ્ઠાથી અગણિત લોકોનાં કલ્યાણનું નિમિત્ત બને. આવી વ્યક્તિ એકાંતમાં જીવનના વળાંક પર નજર કરે તો એ રોમંચિક થઈ ઊઠે!

જેમ જેમ માણસને સમજાતું જાય કે પોતે કોઈક ખાસ આયોજન માટે અહીં આવ્યો છે, પરમેશ્વર પોતાના દ્વારા અમુક જ ખોદકામ કરાવવા માગે છે. કુદરતે અમુક જ પાઠ નિયત કર્યા છે, તેમ તેમ એ ખુશીથી, સાર્થકતાથી તરબતર બનતો જાય. હા, જ્યાં સુધી એને પોતાના કઠપૂતળી હોવાની પૂરી પ્રતીતિ ન હોય ત્યાં સુધી એને માનવસહજ પીડાઓ, અતૃપ્તિ અન્યાય, અસંતોષ ભારે પીડા આપ્યા કરે, પણ જેમ જેમ એને કુદરતનાં આયોજનના ખાસ નિમિત્ત હોવાની ખાતરી થતી જાય, તેમ તેમ એને જીવનનું પ્રયોજન સમજાતું જાય. તમને તમારા પરિવાર, સમકાલીનો કરતાં વધુ વ્યાપક, વધુ વેધક, કાળને અતિક્રમી જતી દ્રષ્ટિ મળે એટલે પહેલું અચૂક પરિણામ એ આવે કે તમે એકલા બનો. દ્રષ્ટિનાં પડળો ખુલવાથી તમે કોઈ ખાસ પ્રયોજનથી અહીં જન્મ લીધો છે એ વાતની પ્રતીતિ તમને જબરદસ્ત તાકાત આપતી રહે. તમે ક્યારેક કોઈને છાપરૂં અપાવવામાં નિમિત્ત બનો. ક્યારેક યુગના આખા પ્રવાહને નવી દિશા આપવામાં નિમિત્ત બનો. સવાલ, તળપદી ભાષામાં કહીએ તો 'લેણાદેણી'નો છે. તમે જે માહોલમાં છો તેમાં તમારે ભાગે કોઈને કોઈ સ્વરૂપે 'દેણાં' નો પાઠ આવે તો ખુશ થજો. ઘણા આવો પાઠ મેળવ્યા પછી ફરિયાદી બની જતા હોય છે. આવી ફરિયાદ આધ્યાત્મિકતાની કચાશ સૂચવે છે. જેમ જેમ કુદરતે આપણે માટે ગોઠવેલાં ખાસ પ્રયોજનની ખાતરી થતી જાય, તેમ તેમ ખાલી ખિસ્સે, દુન્યવી રીતે ગુમાવી ને પણ ચહેરા પર તાજગી, રોનક, પ્રસન્નતા ખીલવાં જોઈએ, જીવનનું પ્રયોજન, 'નિમિત્તમાત્ર' બનવાની સમજ! - **અન્તર્યાત્રા, ડો. સર્વેશ પ્ર. વોરા**

# સહૃદયતાથી સાચી દિશામાં પ્રયત્ન કરવો

શ્રી અરવિંદ આશ્રમના ગુજરાતી ભાઈઓની એક ઈચ્છા કોઈ માસિક કાઢવાની થઈ તે વખતે પૂ. અંબુભાઈ હતા. 'દક્ષિણા' નામે એક માસિક શરૂ કરવાનું નક્કી થયું. ગ્રાહકો કેટલા જોઈએ એ પ્રશ્ન થયો. પૂ. અંબુભાઈએ એક પ્રશ્નકર્તાને કહ્યું હતું તે યાદ આવે છે. તેમણે કાંઈક આવું કહ્યું હતું: તને ખબર છે કેટલા ગ્રાહકો વાંચવાના, લખાણને વિચારવાના? એવા ભ્રમમાં રહીશ નહીં. લખાય તેટલું વંચાય અને વંચાય તેટલું પળાય, એ માનીએ છીએ એટલું સાચું નથી, એ ગણતરીએ ચાલવા જેવું નથી. પ્રયત્ન સહૃદયતાથી સાચી લાગતી દિશાએ કરવો, પછી કાળનું કામ છે.

**નોંધ:** ''ગોરક્ષા પાત્ર'' માસિક આ સિધ્ધાંતને નજરમાં રાખીને જ ચાલે છે. બેચાર જણાને પણ ઉપયોગી થઈ શકાય તો આપણી મહેનત લેખે છે. એથી વધારેની અપેક્ષા પણ બોજ બની જાય છે. ખરેખર તો સત્યનો સાક્ષાત્કાર એક જણને થઈ જાય તો પણ આજના બધા વિકટ પ્રશ્નો સહજમાં ઉકલી જાય એટલી પ્રચંડ શક્તિ એ સત્યમાં છે એટલે જ ગીતા કહે છે, ''સત્યનું મુખ સુવર્ણથી ઢંકાયેલું છે.''

**'મરમી સંતોનું દર્શન' માંથી સાભાર**

# વાંકી (કચ્છ) જીવદયાની અનોખી પહેલ

શ્રી વાંકી જૈન મિત્ર મંડળ-મુંબઈની આગેવાની હેઠળ વાંકી ગામે મળેલ સમસ્ત ગ્રામવાસી ભાઈઓની ગ્રામ સભામાં નક્કી થયા પ્રમાણે શ્રમદાન દ્વારા વાંકી ગામની સીમમાં ૩૦૦ થી ૪૦૦ એકર જમીન જે વણ ખેડાયેલી છે પણ ફળદ્રુપ છે તેમાં પશુઓ માટે જુવાર વાવવાની યોજના બનાવેલ છે. જેનાથી સમગ્ર ગામના ૧૧૦૦ જેટલા પશુધન ગોવંશ માટે ચારો ઉપલબ્ધ થશે જમીન માલિકોએ પોતાની જમીનમાં જુવારનું વાવેતર કરવા માટે મંડળને લેખિત બાંયધરી આપેલ છે. ઉપરાંત ગ્રામ સભામાં હાજર રહેલ ખેડૂત મિત્રોએ ખેતીના સાધનો જેવાકે જેસીબી, ટ્રેક્ટર, ડમ્પર, હળ, બળદની જોડીઓ તેમજ શ્રમજીવીઓએ શ્રમદાન તેમજ રખેવાળી કરવાના વચનો આપ્યા છે. યુવા વર્ગે પણ સહકાર આપવાની ખાત્રી આપી છે.

યોજનાના શ્રીગણેશ થઈ ચૂક્યા છે.

વાંકી મહાજન અને ગ્રામજનોને ખૂબખૂબ અભિનંદન.

**વહેંચતો ચાલ! એમ થવાશે ન્યાલ...**
**થોડામાંથી થોડું સૌને યાર વહેંચતો ચાલ,**
**મારું તારુંની મૂકી દે સાવ બધી મોકાણ,**
**મજિયારી છે સઘળી મિલ્કત, સત્ય એટલું જાણ,**
**ખુદની ચિંતા જેમ, હૃદયમાં રાખ બધાનો ખ્યાલ**
**એમ થવાશે ન્યાલ વહેંચતો ચાલ.**
**કોઈનો રાજીપો દેખી, રાજી ખુદને રાખ,**
**ઈર્ષાના અક્ષર મનમાંથી જલદી ભૂંસી નાખ,**
**ક્યાંય ન ઊગે નફરત, તું બસ વાવ એકલું વહાલ**
**એમ થવાશે ન્યાલ... વહેંચતો ચાલ... ''તાણાવાણા'' માંથી**

**દુન્યવી વસ્તુઓમાં સુખની ખોજ વ્યર્થ છે.**
**આનંદનો ખજાનો તમારી અંદર છે.**
**રસ્તે પડ્યા તો રણમાં રસ્તા પડી ગયા**
**ઉભા રહ્યા જે મંઝીલે ભૂલા પડી ગયા.**

# ચાલો પાંજરાપોળને સ્વાવલંબી બનાવીએ

તા.૧૮.૯.૧૬. રવીવારે મલાડ-મુંબઈમાં વર્ધમાન પરિવારના નેજા હેઠળ ગોરક્ષા ગોવિજ્ઞાન આધારિત એક સરસ મીટીંગ થઈ ગઈ. મનોજભાઈ-સોલંકી રામકૃષ્ણ ટ્રસ્ટના ટ્રસ્ટી, માધાપરવાળાએ સરસ વિગતવાર પાંજરાપોળને કંઈ રીતે સ્વાવલંબી બનાવી શકાય એની વિસ્તૃત માહિતી આંકડાઓ સાથે સમજાવેલ, મનોજભાઈ પોતે આ પ્રયોગો કરી રહ્યા છે અને એમાં મહદ અંશે સફળતા પામેલ છે એટલે અનુભવી પ્રયોગવીરનું આ માર્ગદર્શન છે.

૧) ધારોકે દરેક પાંજરાપોળમાં ૧૦૦૦ ગોવંશ-પશુઓ છે રોજનું ૧૦ થી ૧૫ કિલો ઘાસ દરેકને જોઈએ. લીલાચારાનો એવરેજ ભાવ લગભગ ૨/૫૦ કિલો પડે છે. તેથી

| | |
|---|---|
| એક પશુ દીઠ ૪૦રૂા. રોજના ૪૦,૦૦૦ | ૧,૪૪,૦૦,૦૦૦ |
| માસિક ૧૨,૦૦,૦૦૦ લાખ. | |
| અન્ય મજુરી પગાર વિ. | ૧૬,૦૦,૦૦૦ |
| ટોટલ ચારાનો ખર્ચ (એક કરોડ સાઠ લાખ) | **૧,૬૦,૦૦,૦૦૦** |

૨) ૫૦%ઘાસચારો પાંજરાપોળની જમીનમાંથી ૬ મહિના માટે મળે.

| | |
|---|---|
| @ ૬,૦૦,૦૦૦ x ૬ માહિના - છત્રીસ લાખ. | ૩૬,૦૦,૦૦૦ |
| જો ૫૦ એકર જમીન એવરેજ દરેક ગૌશાળામાં છે. | |
| ૧ એકરમાં વરસનો ૧૨૮૦ મણ ચારો થાય | |
| એટલે કે ૫૦,૦૦૦ કિલો વાર્ષિક જેની કિંમત | ૬૨,૫૦,૦૦૦ |
| ૧,૨૫,૦૦૦ x ૫૦ એકર | |
| ટોટલ | **૯૮,૫૦,૦૦૦** |
| આથી ઘાસ ચારા માટે ટોટલ ઘટ રહી (૧ - ૨) | ૬૧,૫૦,૦૦૦ |

**અન્ય આવકના ઉપાય.**

૧) ગોબર ગેસ પ્લાન્ટ ૧૦૦૦ ઘનમીટર માંથી કમ્પોષ્ટ ખાતર

| | | |
|---|---|---|
| વાર્ષિક ૧૩૨૦ મેટ્રીક ટન | ૪૦૦૦/-ટન | ૫૨,૮૦,૦૦૦ |
| ૨) લીકવીડ ખાતર વાર્ષિક | | |
| ૨૪,૭૫,૦૦૦ લીટર | ૨ રૂા. લીટર | ૪૯,૫૦,૦૦૦ |
| ૩) CNG ગેસ વાર્ષિક | | |
| ૧,૩૨,૦૦૦ કિલો | ૪૫ રૂા. કિલો | ૫૯,૪૦,૦૦૦ |
| | ટોટલ આવક | **૧,૬૧,૭૦,૦૦૦** |
| બાદ મટીરીયલ-સ્ટાફ-ઈલેક્ટ્રીકખર્ચ - (-) | | ૩૩,૬૦,૦૦૦ |
| **નેટ નફો** | | **૧,૨૮,૧૦,૦૦૦** |

આ ગેસ પ્લાન્ટનું રોકાણ-સંચાલન-કોઈ પાર્ટી કરે તેને સંસ્થાએ રોજ લગભગ ૧૦,૦૦૦ કિલો છાણ. ૫૦ x ૫૦ મીટરની જગ્યા અને ગોડાઉન ૫૦ x ૫૦ મીટર અને ૪ સ્ટાફને રહેઠાણની જગ્યા. આટલી વ્યવસ્થા સંસ્થાએ દેવી પડે અને બદલામાં

| | |
|---|---|
| ટ્રસ્ટને આવકમાંથી ૪૦% ભાગ મળે. | ૫૧,૨૦,૦૦૦ |
| વધારાની આવક દુધ-ગોમૂત્ર-ગોવંશ બધામાંથી | |
| ગોમૂત્ર અર્ક, જીવામૃત-ફીનાઈલ-પંચગવ્ય-ધુપબતી | |
| વિ. પ્રોડક્ટ બનાવીએ તો ૧,૦૦,૦૦૦/- | |
| લાખ રૂા. માસિક નફો | ૧૨,૦૦,૦૦૦ |

(આમાં ટોટલ રોકાણ ૫,૦૦,૦૦૦ પાંચ લાખનું છે) ગોબર ગેસનું રોકાણ અન્ય પાર્ટી કરશે.

અન્ય આવક મળીને લગભગ ખોટ સરભર થઈ જાય છે.

# પાંજરાપોળ માટે કરી શકાય તેવા મહત્વના મુદાઓ :

૧. ઘાસનું વાવેતર કરવું -ઘાસની જરૂરિયાતને પુરી કરવા વરસ પ્રમાણે જથ્થો નક્કી કરી તેની ખરીદીના સોદા પહેલાથી નક્કી કરવા જોઈએ. જેથી સ્થાનિક ખેડૂતો તેનું વાવેતર કરે અને ટ્રાન્સપોર્ટ ખર્ચ સાથે પહોંચ ભાવ બાંધણું થાય.

૨. ગોબરનું મૂલ્ય વર્ધન કરવું જોઈએ. જે ગોબર ૦/૫૦ પૈસે જતું હોય તે ૩ થી ૫ રૂા. કિલોએ જાય તેવો પ્રયાસ થવો જોઈએ. છાણની પ્રોડક્ટ બનાવીએ તો એ શક્ય છે.

૩. ગોમૂત્ર ભેગુ થાય અથવા માટીમાં પકડાય તેવું આયોજન કરવું.

૪. પાંજરાપોળમાં સારી ઓલાદની દુધાળી ગાયો, વાછરડી અલગ કરી તેને સારા નંદી-સાંઢથી ફળાવાય જે વર્ષમાં સખ્યામાં ઘટાડો કરશે અને આવક પણ થશે.

૫. ઘાસચારાનું વાવેતર ડ્રીપ કે સ્પીંકલરથી કરીએ અને કાપવા માટે હવે મશીન આવે છે તેનાથી કાપીએ જેથી ઓછા પાણી અને ઓછી મજુરીથી કાર્ય થાય.

૬. પશુના આરોગ્ય માટે એક વેટરનરી ડોક્ટર ફરજીયાત રાખવા જોઈએ. અને તેને ગૌશાળાનું રોજીંદું મેનેજમેન્ટ સોંપવું જોઈએ. જો તે અનુભવી ન હોય તો તેને અમારી ગૌશાળામાં તાલીમ માટે મોકલી શકાય. પગાર તથા થોડું કમીશન -ઉત્પાદન આવક ઉપર આપી શકાય જેથી પ્રોત્સાહન મળે.

૭. મેનેજીંગ ટ્રસ્ટીઓની મીટીંગ દર મહિને ફરજીયાત મળવી જોઈએ અને દર મહિને આવક-જાવકનું મુલ્યાંકન કરીને સૂચનાઓ આપવી જોઈએ.

૮. ખાણદાણ જાતે બનાવવું જોઈએ.

૯. પાંજરાપોળનો ઉદેશ ગોવંશની ક્ષમતાઓનું દર્શન કરાવવાનો હોય. ગૌશાળા હંમેશા સ્વચ્છ, સુંદર અને શક્ય હોય તો ગાયો સીમમાં જવી જોઈએ.

૧૦. ગૌશાળાને હવે ગોવિજ્ઞાન કેન્દ્ર બનવું જોઈએ અને તેમની દરેક પ્રોડક્ટસનું મૂલ્ય વર્ધન થવું જરૂરી છે.

૧૧. રામકૃષ્ણ ટ્રસ્ટમાં (ગૌશાળા) અનેક જાતના અર્ક, ધનવટી, માલીસ તેલ, ગોધૃત મલમ, પંચગવ્ય નસ્ય, બામ, જીવામૃત, કીટ નિયંત્રક દવાઓ, સુથારી કામ, ખેતીના અવજારો, સિરામીક્સ પ્રોડક્ટસ્, પાટલા, માટેની આઈટમો વૈગેરે અને પ્રકારની વિવિધ ટ્રેનીંગ પણ દેવામાં આવે છે.

વધારે વિગત માટે રામકૃષ્ણ ટ્રસ્ટ-કુકમા-ભુજ (કચ્છ) મા રૂબરૂ મુલાકાત મનોજભાઈ સોલંકીની લેવાથી સમજી શકાશે. અહિં ગોપાલક-ડોક્ટરોની ટ્રેનીંગ નિઃશુલ્ક અપાય છે. રહેવા-જમવાની વ્યવસ્થા પણ ત્યાં છે. માત્ર ટ્રેઈનીએ શિક્ષણ-અનુભવ માટે શ્રમ કરવાનો રહે છે જતા પહેલા મનોજભાઈ સોલંકીને ફોન કરી મુલાકાતનો સમય નક્કી કરી પછી જવા વિનંતી. **મનોજભાઈ સોલંકી, પો. માધાપર, જિ. ભુજ કચ્છ. મો.નં. ૯૮૨૫૪૨૮૧૦૦**

**તમે નિરાશાના પંખીઓને તમારા માથા પર ઊડતા ન રોકી શકો પરંતુ તેઓ તમારા વાળમાં માળો ન બાંધે તેવું તો કરી શકો.**

# ભારતનું ભાવિ

શું આપણે ઈચ્છીએ છીએ કે ભારત કૃષિપ્રધાન દેશ રહે ?
કૃષિ જીવે છે ગોપાલન, હાથશાળ અને ગૃહઉદ્યોગોને આધારે.
કૃષિ આધારિત જીવનમાં મહત્ત્વ રહે છે સ્વાધીનતા, સ્વાવલંબન, સ્વાશ્રયનું. જીવનમાં પ્રવૃત્તિ હોય છે. ધંધા, વ્યવસાય કે નોકરી હોતી નથી. પરસ્પરાવલમ્બન તો સામાજીકતાનું સત્ત્વ ગણાય. મૈત્રીનું હાર્દ ગણાય. શાન્ત, શ્રમશીલ, નિસર્ગાધારિત, લયબદ્ધ જીવનશૈલી ખીલી ઉઠે છે. કુદરતના ખોળે, કુદરતની સાથે વિનયથી જીવવાની કળા વિકસે છે. ભારત સરકારની વર્તમાન અર્થનીતિ કૃષિપ્રધાન સંસ્કૃતિ માટે ઘાતક છે. ખેતીને ધંધો બનાવનારી, ખેડૂતને બજારલક્ષી બનાવનારી વિષાક્ત નીતિ છે. તેમાં મહત્ત્વ નફાનું; યંત્રોનું; અંકોનું રહેશે. માનવનું નહિ. જીવનનું નહિ. વૈશ્વિક આર્થિક સંબંધો માનવીય જીવનનું લક્ષ્ય ન હોઈ શકે.
તેવા સમ્બન્ધો પરાણે લાદનારી નીતિ પરાધીનતા અને પરાશ્રયમાં પરિણમશે. વિજ્ઞાન કે યંત્રવિજ્ઞાનના સહજ પરિણામસ્વરૂપે વૈશ્વિક સમ્બન્ધ પાંગરશે, અર્થતંત્રોના તોતિંગ માળખાઓમાં જનજીવનને જકડવાથી નહિ.
કૃષિ - ગ્રામોદ્યોગ - ગોપાલનથી મઘમઘનારા ગ્રામો બચાવવા છે ?
યુરોપ - અમેરિકામાં તેવા ગામો જવલ્લે જ જોવા મળશે.
અમાનવીય ઔદ્યોગિકરણ, યંત્રીકરણ, વ્યાપારીકરણનો શિકાર માનવ સમાજ ત્યાં કૃત્રિમતા, સ્નેહશૂન્યતા, પ્રક્ષુબ્ધ ભોગવાદમાં કણસી રહ્યો છે.
શું ભારતીય વિરાટ સમાજને તે દિશામાં ધકેલવો છે ?

**- વિમળાબેન ઠકાર, અમરિત કી બરખા માંથી સાભાર.**

# સત્ય ક્યારેય છૂપું રહેતું નથી

ઓશોને આ સવાલ મોટાભાગે પૂછવામાં આવતો, 'કેટલાક સાધુઓ, વક્તાઓ તમારી નકલ કરે છે ! તમારા જ વિચારો, તમારા જ કિસ્સા પોતાના નામે કહે છે, પણ કોઈ તમારું નામ નથી કહેતું ઊલટાની તમારી નિંદા કરે છે ! હા, સાંભળનારા લોકો એટલું સમજી જાય છે કે આ તો ઓશોનું છે. તો આવા સમયે અમારે શું કરવું ?'

ઓશોએ જવાબ આપ્યો કે એ લોકો લાંબા સમય સુધી મારી નકલ નહીં કરી શકે. હું તેમની માન્યતાઓને, તેમની ધારણાઓને ખોટી પાડીશ ત્યારે તેમનું આસન હલી જશે, તેઓ ગભરાઈ જશે અને મને છોડી દેશે.

સત્ય અને જુઠ્ઠાણામાં આ જ ફરક છે. એક હદ સુધી તો બંને સમાન લાગે છે, પણ પરીક્ષાની ઘડી આવે ત્યારે જ એમાં ખરા ઊતરવાનું હોય છે. સત્ય ડંકાની ચોટે ઊભું રહે છે અને જુઠ્ઠાણું મોઢું સંતાડીને ભાગે છે.

દરિયા સાહેબના શબ્દોનું સ્મરણ કરીએ તો-
કંચન કંચન હી સદા, કાંચ કાંચ સો કાંચ,
દરિયા જૂઠ સો જૂઠ સબ, સાંચ સાંચ સો સાંચ.

વાત સાચી જ છે ને, કાચ ક્યારેય કંચન ના બની શકે. કંચન (સોનું) કંચન જ રહેશે અને ખોટું તો ખોટું જ રહેશે.

**અમૃત સાધના, સૌ. દિવ્યભાસ્કર.**

# શ્રદ્ધા

માણસમાં શ્રદ્ધા નામની કોઈક ગૂઢ વસ્તુ રહેલી છે. પોતાની આ શ્રદ્ધાને ઘણી વાર માણસ પોતે પણ ઓળખી શક્તો નથી. કેટલીક વ્યક્તિઓમાં તે આત્મવિશ્વાસ રૂપે તો કેટલીકમાં કોઈક પરમ તત્ત્વમાં વિશ્વાસ રૂપે પ્રગટ થાય છે. જીવંત વ્યક્તિમાં શ્રદ્ધા અચૂકપણે અસ્તિત્વ ધરાવતી હોય છે. શ્રદ્ધા માણસને ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ટકાવી રાખે છે. એટલું જ નહિ પણ તેને સતત ઊર્ધ્વ ગતિ તરફ તે પ્રેરે છે. શ્રદ્ધાનો જ્યારે લોપ થાય છે ત્યારે મનુષ્ય પણ મરી પરવારે છે.

**પાન બનારસવાલા**

આત્મા જે જોઈ શકે છે તેને ઈન્ટયુશન, આંતરસૂઝ અથવા તો કોઠાસૂઝ કહે છે.

**-ડીન કુન્ટઝ, અમેરિકન લેખક: જન્મ: ૯ જુલાઈ, ૧૯૪૫)**

# ખાલીપો

કેટલાં બધાં વર્ષ થઈ ગયાં! સુકેતુ કહેતો હતો, 'પપ્પા, ગઈ બાવીસમીએ તમને બ્યાસીમું બેઠું.'

હું અતીતમાં ખોવાઈ જઈ મારા 'હું' સાથે વાતે વળગું છું. હું હકૂમતરાય દેસાઈ. ડેપ્યુટી કલેક્ટર. ઑફિસમાં આવતો ત્યારે બધા લળી લળી સલામો ભરતા. પટાવાળો પાણી લઈ આવતો. હેડક્લાર્ક હસ્તાક્ષર માટેની ફાઈલો મૂકી જતો. ટાઈપિસ્ટ કોરા કાગળ સાથે ઊભી રહેતી. થોડી થોડી વારે ફોનની રિંગ વાગતી.

ઘડિયાળમાં બાર ટકોરા પડ્યા. પંખાની સ્વિચ ઑન કરવાની હતી. પણ ઊભું કેમ થવાય ! લાકડી લઈ સઘળી તાકાત એકઠી કરી ઊભો થયો. સ્વિચ ઑન કરી. પંખો ફરવા માંડ્યો

હવે તો... પંખાનો અવાજ, ઘડિયાળના ટકોરા અને હવાની ફર ફર સિવાય કશો અવાજ સંભળાતો નથી. વીજળીના તાર પર બેઠેલ ચકલી, કબૂતર કે કાગડાયે હવે દેખાતાં નથી. દૂર મોબાઈલના ટાવર પર કદાચ બેસતા હોય તો એટલું લાંબું દેખાય નહીં કે સંભળાય નહીં. દેખાય છે (બારીમાંથી) સાવ ખુલ્લું આકાશ - રસ્તા પરના વાહનોનો અવાજ બહેરાશને કારણે મારા કાન સુધી પહોંચતો નથી.

સુકેતુ અને શિવાની નોકરીએ જાય છે. પૌત્ર પાર્થ સ્કૂલે જાય છે. સ્કૂલેથી આવી ટ્યૂશને જાય છે. ત્રિપાઈ પર થરમૉસમાં ચા અને જગમાં પાણી મૂકેલું છે. પણ કોઈની વસ્તી નથી. કોઈ અવાજ નથી. હું મારા 'હું' સાથે વાતો કરીને થાકું છું. નક્કી કરું છું આજે સાંજે પાર્થ સાથે વાત કરીશ. (સાંજે) પાર્થને કહું છું : 'આવ બેટા, આપણે ખૂબ વાતો કરીએ.' પાર્થ કહે છે : 'સોરી દાદાજી !' આજે નહીં. રવિવારે આપણે ખૂબ વાતો કરીશું.'

આજે તો હજી સોમવાર. પૂરા છ દિવસ કાઢવાના. ધૂંધળું દેખાય છે. પણ રોજ કૅલેન્ડર સામે જોઉં છું. રવિવારની પ્રતીક્ષામાં.

આજે રવિવાર છે. જમ્યા પછી પાર્થને બોલાવું છું, 'બેસ બેટા.' પાર્થ કહે છે, 'પ્લીઝ દાદાજી, આજે મારે એક પ્રૉજેક્ટ માટે ટીચર સાથે વૃદ્ધાશ્રમની મુલાકાતે જવાનું છે.'

**- હરિવદન જોશી (ગાંધીચોક, નિકોરા, તા.જિ.ભરૂચ), નવચેતન, જુલાઈમાંથી સાભાર.**

# ૮૦ વર્ષીય ડોક્ટર બાથ ભીડે છે

**વય:** લગભગ ૮૦ વર્ષ, **શિક્ષણ:** એમબીબીએસ, એમએસ
**કેમ ચર્ચામાં:** કતલખાનાની તમામ ધમકીઓ બાદ પણ ગાયને છોડાવી લાવે છે અને તેની રક્ષા કરે છે.

વાત ચેન્નઈની છે. અહીં અમુક લોકો માર્ગો પર રખડતી ગાયોને દિનભર જુએ છે અને રાત્રે એક વાનમાં ચઢાવીને કતલખાને લઈ જાય છે. આ માહિતી જ્યારે ડો. સાધનાને મળી તો તેમણે છ મહિના સુધી આ લોકોનો પીછો કર્યો. વેશ પણ બદલ્યો. બુરખો પહેર્યો અને પોલીસની મદદ લીધી. અને એક દિવસ અનેક ગાયો આ લોકોના કબજામાંથી મુક્ત કરાવી. આ કાર્ય માટે જ તેમને કતલખાનાથી ધમકીઓ મળતી રહી છે. પરંતુ ૮૦ વર્ષીય આ મહિલાનો જૂસ્સો કોઈ હલાવી શકતો નથી.

છેલ્લાં ૪૨ વર્ષથી આ કામ કરી રહ્યા છે. તેઓ બ્રિટનમાં સર્જન હતાં પરંતુ ગાય માટે તેમણે નોકરી છોડી અને ભારત આવીને નીલંગરાયમાં ગૌશાળા શરૂ કરી. કુલ છ ગાય સાથે આ ગૌશાળા શરૂ કરાઈ હતી જેમાં આજે ૫૮૩ ગાય છે તેમાં ૫૫ એકદમ અક્ષમ છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ એનિમલ વેલફેરના નામે જ્યારે તેમણે પોતાની સંસ્થા શરૂ કરી ત્યારે સ્થાનિક લોકોએ તેમને ફરિયાદ કરી કે, ગાયના ગોબરથી જીવજંતુ ફેલાશે, રોગ થશે પરંતુ ડોક્ટર રહી ચૂકેલાં સાધનાએ તેના પર ધ્યાન ન આપ્યું અને પોતાનું કામ કરતા રહ્યા.

પોંડિચેરીના અરવિંદો આશ્રમમાં તેઓ મધરથી ખૂબ જ પ્રભાવિત થયાં. જ્યારે તેઓ આશ્રમમાં હતાં ત્યારે એક આંબો સુકાઈ રહ્યો હતો. તેને કાપવાનો હતો જેની જાણ થતાં જ મધર વૃક્ષની નીચે આવી ગયાં અને આંખ બંધ કરીને કહ્યું કે, વૃક્ષ ન કાપો. તે અમુક સમય બાદ ફળ આપવા લાગશે. અને એવું જ થયું. અમુક દિવસો બાદ તેમાં ફણગો ફૂટ્યો અને પાંદડા આવ્યા અને ખૂબ જ મીઠાં મધ જેવા ફળ લાગ્યાં. બસ તેનાંથી સાધનાને પ્રેરણા મળી. તેઓ કહે છે કે, જ્યારે સુકાઈ ગયેલું વૃક્ષ ફળ આપી શકે છે તો પછી પશુઓને કેમ મારી નાખવામાં આવે. તેઓ એક કાશ્મીરી પરિવારના છે. પરંતુ પરિવાર ખૂબ જ લાંબા સમયથી તમિળનાડુમાં આવીને વસી ગયો છે. તેમના દાદા મહાત્મા ગાંધીના સચિવ હતા અને તેમના પરિવારે વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં ૪૦ એકરની જમીન દાનમાં આપી હતી. પરંતુ ગૌશાળના ખર્ચ માટે સાધનાએ પોતાના ઘરેણાં પણ વેચી માર્યા હતા. અમુક સમય પહેલાં રહેવાશીઓની ફરીયાદના કારણે ચેન્નઈ નગર નિગમે તેમની ગૌશાળાને થિરુવલ્લુર જિલ્લાના ઉથુકોટ્ટાઈમાં લઈ જવાનું કહ્યું. આ કારણે જ ગૌશાળા પર ભાર વધી ગયો.-

**પ્રેષક: ધનસુખ મહેતા, કાંદિવલી, મો.નં.૮૧૦૮૮૩૯૯૪૯.**

# સ્વચ્છતા: સાથે મળી કરીએ ક્રાંતિ

અમેરિકા, યુરોપથી લઈને પ્રગતિશીલ દેશની સૌ પ્રથમ કાર્ય બાબત તમારા મનમાં આકર્ષણ ઉપજાવે છે તો એ છે સ્વચ્છતા. સ્વચ્છતા એ નૈતિક જવાબદારી છે અને તેનું પાલન કરવું એ પ્રત્યેક નાગરિકનો ધર્મ છે.

સ્વચ્છતાનો સીધો સંબંધ ક્રાંતિ સાથે છે એમ કહી શકાય. જૂના જમાનામાં જરૂરિયાતો ઘણી ઓછી હતી તેથી કચરો ઓછો થતો, પણ થતો ખરો. હવે વસતી વધી, જરરિયાતો વધી, ટેક્નોલોજીના જમાનામાં ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટ દ્વારા દુનિયા એટલી નાની થઈ ગઈ કે આંખને ઘણું બધું દેખાવા લાગ્યું અને મન ઘણું બધું ખરીદવાની આકાંક્ષા રાખતું થયું. ખિસ્સામાં રૂપિયા હોય તો અનેક આવશ્યક અનાવશ્યક વસ્તુઓ ખરીદાતી ગઈ અને અંતે કચરાનું પ્રમાણ વધતું ચાલ્યું. પરંતુ કચરાનું પ્રમાણ ઓછું કરવાનું આપણા હાથમાં જ છે. રસ્તા સાફ હોય તો તેની પાછળ ખર્ચો ઓછો કરવો પડશે. પાણીનો બગાડ ઓછો કરશો તો ગટરોની સમસ્યા નહીં આવે. ગંદું પાણી બજારોમાં કે ખાડામાં ભરાયેલું નહીં હોય તો બીમારી ઓછી થશે. જો આ કરવામાં પણ આપણે સફળ રહ્યાં તો એક મહાન ક્રાંતિ જ છે.

**સ્વચ્છ વાતાવરણ -**

જ્યારે સ્વચ્છતાની વાત આવે છે ત્યારે સૌ પોતાનું ઘર સાફ રાખે જ છે પરંતુ ઘરની બહાર જાય ત્યારે સફાઈ રાખવામાં ક્યાંક સંકોચ કરે છે અથવા બહારની સફાઈને અવગણે છે. જ્યારે વિદેશથી કોઈ આવે ત્યારે સફાઈની વાતો લખી લખીને કરતાં હોય છે પરંતુ પોતાના જ શહેરમાં બાગમાં ઉજવણી કરીને ઉઠે ત્યારે ગંદકી એમ જ છોડીને જતાં રહે છે. આ જ સમય છે કે જ્યારે પ્રત્યેક નાના, મોટાં, યુવાઓએ સ્વચ્છતાને પોતાના હાથમાં લેવાની જરૂર છે અને જો તે સૌ પોતાની જવાબદારી સમજીને જ કરશે તો આભિયાનમાં ઝડપ આવશે અને આમ જ સમૃદ્ધિ તરફ જવાનો માર્ગ મળશે.

**સાથે મળીને કરીએ ક્રાંતિ**

હવે સમય આવ્યો છે કે સ્વચ્છતાને આપણે જ આપણા હાથમાં લેવી પડશે અને ઘર, મહોલ્લા, સોસાયટી કે ફ્લેટને તેનાથી પણ આગળ જતાં શહેર અને રાજ્યને સાફ રાખવા આપણે સાથે મળીને જ સ્વચ્છતાનું અભિયાન ચલાવવું પડશે. આજના નવા ટ્રેન્ડમાં વાસ્તુ, ફેંગશૂઈ અને જ્યોતિષ જેવી પારંપારિક સંસ્કૃતિનો સમાવેશ થતાં લોકોના મનમાં ઊતરવા લાગ્યું છે કે જો સમૃદ્ધિ જોઈતી હોય, તો સ્વચ્છતા જરૂરી છે. તેનું કનેક્શન કઈ રીતે કહી શકાય... સૌ સ્વચ્છ અને સ્વસ્થ રહેશે તો નેગેટિવ વિચાર નહી આવે અને વધુ કામ કરવાનું મન થશે.

**વિજ્ઞાન અને ધર્મ**

વિજ્ઞાન પર્યાવરણને સાફ રાખી રોગમુક્ત રહેવા માટે કહે છે, ધર્મ સ્વયં અને પર્યાવરણને સ્વચ્છ રાખી સારા કર્મ કરવા કહે છે, વિજ્ઞાન વ્યક્તિને સ્વચ્છ રહેવાનાં કારણો આપે છે, જ્યારે ધર્મ સ્વચ્છ અને નિર્મળ રહેવા માટે પુણ્ય કર્મ અને સમૃદ્ધિ આપવાની વાત કહે છે. જરા વિચારો, ઘરમાં રાખેલો કબાડ ઊર્જાને ઘરમાં આવતી રોકે છે. ઊર્જા રોકાય એટલે કર્મ ઓછું થાય. બીજું જ્યાં સ્વચ્છતા હોય ત્યાં દેવી લક્ષ્મીનો વાસ હોય છે, તેથી ઘર તો સાફ રાખવું જ જોઈએ, સ્વયંની પણ સફાઈ રાખવી જરૂરી છે. એટલે જ આપણે દિવાળીમાં સફાઈ કરતાં હોઈએ છીએ.

જ્યાં સુધી સ્વયંની અંદર સ્વચ્છ રહેવાની, રાખવાની ઈચ્છાશક્તિ વિકાસ નહીં પામે તો સ્વચ્છ નહીં રહી કે રાખી શકાય. ચાલતાં ફરતાં ગંદકી રોકવા માટે વ્યક્તિ પોતે જ સમજે કે પર્યાવરણને ગંદું કરતાં જ તે પોતાને જ નુકસાન પહોંચાડી રહ્યો છે તો સમસ્યા આપોઆપ દૂર થશે. **સૌ. અભિયાન, (૧૧ જૂન, ૧૬ અંક)**

# અબોલી અનામિકા

આર્થિક વિકાસ ગમે એટલો ભલે હોય, આપણો સમાજ આજની તારીખમાં પણ મહદ્અંશે પુરુષ પ્રધાન છે. હા, પહેલા જેટલું પુરુષનું આધિપત્ય નથી રહ્યું, પણ સ્ત્રીને સહન તો કરવું જ પડે છે. પુરુષ રિક્ષા ચલાવતો હોય ત્યારે એમાં મુસાફરી કરતી વખતે મહિલાએ એક યા બીજા પ્રકારની તકલીફ વેઠવી પડતી હોવાના કિસ્સા બન્યા છે. થાણા શહેરની વાત કરીએ તો પુરુષ રિક્ષાચાલકોએ મહિલા પ્રવાસીઓ સાથે અસભ્ય વર્તન કર્યું હોવાના કેટલાક બનાવો છેલ્લાં છ મહિનામાં નોંધાયા હતા. અપરાધો પણ થયા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પરિવહન વિભાગ તરફથી અબોલી રિક્ષા યોજના તૈયાર કરવામાં આવી જેમાં મહિલા મુસાફરો માટે સ્ત્રી ચાલક રિક્ષાને પ્રાધાન્ય અપાયું હતું. થાણેની અનામિકા ભાલેરાવ નામની મહિલાએ સ્ત્રીના હિતમાં રિક્ષા ચાલક બનવાનો નિર્ણય કર્યો. ગયા અઠવાડિયે તેની અબોલી રિક્ષા પહેલી વાર સડકો પર દોડી. આ કેવળ સામાન્ય રિક્ષા નહોતી, પણ એમાં અખબાર, ફર્સ્ટ એઈડનો સામાન, પંખો, મોબાઈલ ચાર્જ કરવાની વ્યવસ્થા, ગરમાગરમ ચા અને વાઈફાઈની સગવડો સુધ્ધાં છે. પરિવારના સહકારથી અનામિકાએ શરૂ કરેલો આ વ્યવસાય અનેકો માટે પ્રેરણારૂપ બની રહેશે. - **સૌ. મુંબઈ સમાચાર.**

# મળ્યું તેનો ઉપકાર માનો

એક રાજા પોતાના જન્મદિવસે સવારમાં ફરવા નીકળ્યો ત્યારે એણે એક એવો સંકલ્પ કર્યો કે રસ્તામાં એને સૌથી પહેલાં જે માણસ મળે એને એ સંપૂર્ણ રીતે ખુશ અને સંતુષ્ટ કરશે.

એને સૌપ્રથમ એક ભિખારી મળે છે. એણે રાજા પાસે ભીખ માગી. રાજા એના તરફ તાંબાનો એક સિક્કો ફેંક્યો. સિક્કો ભિખારીના હાથમાંથી છટકીને ગંદા નાળામાં પડ્યો. ભિખારી નાળામાં સિક્કો શોધવા લાગ્યો. રાજાએ એને બોલાવીને તાંબાનો બીજો સિક્કો આપ્યો. ભિખારી ખુશ થઈ એ સિક્કો ખિસ્સામાં મૂકી ફરી નાળામાં પેલો સિક્કો શોધવા લાગ્યો.

રાજાને લાગ્યું કે એ ભિખારી અતિ ગરીબ લાગે છે આથી એને ચાંદીનો એક સિક્કો આપ્યો. રાજાનો જયજયકાર કરી ભિખારી ફરી નાળામાં પેલો સિક્કો શોધવા લાગ્યો.

આ જોઈ રાજાએ એને સોનાનો સિક્કો આપ્યો. ભિખારી તો ખુશીથી નાચી ઊઠ્યો, પણ પછી તરત જ પેલા નાળા તરફ ગયો. રાજાને ખરાબ લાગ્યું. જો કે એને પોતાનો પેલો સંકલ્પ કે સૌથી પહેલાં જે મળશે એને સંપૂર્ણપણે એ ખુશ અને સંતુષ્ટ કરશે એ યાદ આવી ગયો.

ભિખારીને પોતાની પાસે બોલાવીને રાજાએ કહ્યું: 'હું તને મારું અડધું રાજપાટ આપી દઉં છું. હવે તો તું ખુશ અને સંતુષ્ટ છેને ?'

ભિખારી કહે: 'હું તો ખરો ખુશ અને સંતુષ્ટ ત્યારે જ થઈ શકીશ, જ્યારે નાળામાં પડેલો તાંબાનો પેલો સિક્કો મને મળી જાય !'

સારાંશ એ કે ઘર-પરિવાર, સ્વાસ્થ્ય, વ્યવસાય, મધુર સંબંધ જેવા અનેક આશીર્વાદ માટે આભારવશ થવાને બદલે ઝાંઝવાના જળ જેવી એકાદ-બે બાબત પામવા કીમતી સમય ન વેડફો. જે નથી મળ્યું એનો બળાપો નહીં, પણ જે મળ્યું છે એનો ઉપકાર માનો...

**- સૌ. ચિત્રલેખા, રાજુ અંધારિયા**

# મહાજન ગૌશાળા, ઘોઘા રોડ, ભાવનગર

**<u>સંપર્ક : રત્નાભાઈ મો.નં.૯૮૨૫૮૩૯૬૫૮</u>**

૧. મને શ્વાસનો રોગ ૬ માસથી હતો. ૩ માસથી નિયમિત અર્ક લેતો હતો. તેથી શ્વાસની કોઈ તકલીફ નથી. આનાથી ઘણો ફાયદો થયો છે. હજી નિયમિત અર્ક લઉં છું. વૃજલાલ રતીલાલ પરમાર, ઉ.વ.૬૩, મો.નં.૭૬૨૨૯૦૨૬૨૭

૨. મને એક વર્ષ પહેલા રાધેશ્યામ હોસ્પિટલમાં મોતીયાનું ઓપરેશન કરવાનું કહ્યું હતું પરંતુ મે અર્કના ટીપા શરૂ કરેલ. ૬ માસ બાદ બતાવતા ઓપરેશનની જરૂર નથી એમ કહ્યું. મને સાવ સારું છે. (અર્કના ટીપા કેમ વાપરવા એની સલાહ લીધા પછી જ વાપરવા), પ્રવિણભાઈ, ઉ.વ.૫૬, મો.૯૪૨૮૧૦૯૦૬૬

૩. મને ગળાનું કેન્સર ૨૦૦૯માં થયેલ અર્ક સાત વરસથી નિયમિત લઉં છું અત્યારે કોઈ તકલીફ નથી. બીજી દવાઓ કોઈ લેતા નથી. ખાવા પીવાની કોઈ બંધી નથી. ધનજીભાઈ રામજીભાઈ, ભાવનગર.

૪. મને છાતીમાં ડાબી સાઈડમાં સતત દુ:ખાવો રહેતો હતો. રીપોર્ટમાં કારણ કોલેસ્ટ્રોલ આવેલ. પરંતુ અર્ક શરૂ કર્યા પછી સદંતર દુ:ખાવો મટી ગયેલ છે. અત્યારે હું તાજગી અનુભવું છું. અર્ક લીધાના પંદર દિવસમાં તબિયત સારી થઈ ગયેલ. જયદેવ સિંહ ગોહિલ, ઉ.વ.૫૨, મો.૯૪૨૬૩૪૫૨૭૬.

૫. મને ૪ વર્ષ પહેલા હરસનો પ્રોબ્લેમ થયેલ. ડોક્ટરની દવાથી ૧૦% ફાયદો થયેલ પરંતુ અર્ક એક માસથી લેવાનું ચાલું કરેલ હોય ૬૦% ફાયદો થયેલ છે.

**- સંજયભાઈ મેર, ઉ.વ.૬૭, મો.૯૯૦૯૬૦૬૦૫૭.**

**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક :**
**રમેશભાઈ દોશી, ૭૫૦૬૭૫૦૨૫૧/૯૪૨૭૬૬૩૪૭૩**
**સરનામું છેલ્લા પાને છે.**

# લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. હેમાણી સન્સ | - મલાડ | ૫૦૦/- |
| ૨. ધીરેન કોઠારી | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૩. ભાવેશ શાહ | - મલાડ | ૧૦૦/- |
| ૪. મહેશભાઈ અજમેરા | - મલાડ | ૨૦૦/- |
| ૫. બકુલ નંદલાલ ગાંધી | - માટુંગા | ૧૦૦/- |
| ૬. અશ્વીન શાંતીલાલ ગાંધી | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૭. વીરેન્દ્ર રસીકલાલ ગાંધી | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૮. કિશોર દેસાઈ | - કાંદિવલી | ૧૦૦/- |
| ૯. સુધાબેન હેમન્દ્ર ધ્રુવ | - કાંદિવલી | ૧૦૦/- |
| ૧૦. મહેન્દ્ર હિંમતલાલ બુચ | - રતનપર | ૧૦૦/- |

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી. Bank Code : IFSC BKID 0000031.**

દિલીપભાઈ શાહ, કલ્યાણ ઈન્ડસ્ટ્રીઝ, દાણાપીઠ, ભાવનગરથી સ્વખર્ચે ૬૫ મિત્રો-સ્વજનોનું રૂ.૬૫૦૦ લવાજમ બેંકમાં ભરી દીધેલ છે. ખૂબ ખૂબ ધન્યવાદ આભાર.

## સત્ય આપણા અંતરમાં રહેલું છે

પરમાત્મા અનુપમ સુખ ને જ્ઞાનના અખૂટ ભંડારરૂપ હોવાથી આપણે તેની સાથેનું આપણું ઐક્ય જેટલું વધારે ચિંતવીએ, તેટલો જ જ્ઞાન અને સુખનો પ્રવાહ આપણા અંતઃકરણમાં વિશેષ વહેવા લાગતાં આપણે આ વિશ્વના મૂળરૂપ તે પરમાત્મા તરફ વહેલા જઈ શકીએ, અને પરિણામે મનુષ્યજાતિના મોટા ભાગને જે પરમ તત્ત્વ માત્ર કલ્પનારૂપ અથવા તો રહસ્યરૂપ લાગે છે, તેનો પણ આપણે સાક્ષાત્કાર કરી શકીએ છીએ. એ અનુભવસિદ્ધ જ્ઞાન અને અલૌકિક પ્રતિભા પ્રાપ્ત કરવા માટે તે દિવ્ય પરમ તત્ત્વમાં આપણી પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ; અને માત્ર પુસ્તકો કે મનુષ્યો ઉપર આધાર નહિ રાખતાં પોતાના અંતર તરફ તો જરૂર વળવું જોઈએ કે, જ્યાં તે જ્ઞાનસ્વરૂપ પરમાત્મા વિશેષભાવે વિરાજમાન છે. આવા મનુષ્યને કોઈ પણ બાબતમાં કાંઈ પણ શંકા ઊપજે, તો તે વિષે પણ તેણે તે સર્વાન્તર્યામી પરમાત્માને જ પૂછવું જોઈએ; કેમ કે તે દયાસિંધુ કહે છે કે, 'તેઓ પૂછી રહે તે પહેલાં જ હું જવાબ આપી દઈશ.'

આ પ્રમાણે જ્યારે જ્ઞાનના એ અનંત મૂળ તરફ આપણે વળીએ છીએ, ત્યારે આપણે અમુક વ્યક્તિ, ટોળી, સંસ્થા કે પુસ્તકોના ગુલામ રહેતા નથી. અલબત્ત, એ બાહ્ય પદાર્થો દ્વારા પણ સત્યનો પ્રકાશ આવે, તે ઝીલવાને આપણે આપણા કાન ઉઘાડા રાખવા ખરા; પરંતુ એમને જ્ઞાનના મૂળરૂપ નહિ ગણતાં માત્ર સાધનરૂપ જ ગણવા જોઈએ. વસ્તુનું સ્થળ, મહત્ત્વ અને તેને મેળવવાનો વિધિ એ બાહ્ય સાધનો દ્વારા જાણી શકાશે; પણ મેળવવાની વસ્તુ તો આપણા અંતરમાં અને પ્રયત્નમાં જ રહેલી છે.

'સત્ય આપણા અંતરમાં રહેલું છે, બહારથી આવતું નથી. એકેએક પ્રાણી-પદાર્થમાં એક છૂપું મધ્યબિંદુ રહેલું છે કે, જ્યાં એ સત્ય તેના પૂર્ણ સ્વરૂપમાં વસે છે.'

એક ગંભીર અને સાચું શિક્ષણ એ છે કે, 'તારી જાત પ્રત્યે તું સાધો રહેજે.' યાને 'તારા અંતઃકરણને કદી ઠગતો નહિ,' કારણ કે તે અંતઃકરણ દ્વારા જ ઈશ્વરી અવાજ તને સંભળાઈ શકે તેમ છે. એ અંતઃકરણ જ આપણને અને જગતમાંના પ્રત્યેક પ્રાણીને પ્રકાશ આપનારો આંતરદીપક છે, આંતરપ્રતિભા છે, આત્માનો પવિત્ર અવાજ છે અને પ્રભુનો પરમ હિતકર આદેશ છે. જો તું તે આદેશ અને અવાજ પ્રત્યે વફાદાર, આજ્ઞાંકિત અને શ્રદ્ધાવાન રહીશ, તો તે સદાકાળ તને ઉપદેશ આપ્યા કરશે કે, સીધો માર્ગ તો આ આ રહ્યો, આ રસ્તે ચાલ્યા કર.'

ધર્મગ્રંથોમાં જણાવેલું છે કે, અમુક અમુક જિજ્ઞાસુઓને અને પવિત્ર મનુષ્યોને પણ કેટલોક અનુભવ થયા પછી જ તેમના અંતરમાં એ 'ધીમો ને શાંત' આંતરનાદ સંભાળાતો. આ અવાજ તેમના અંતઃકરણને લાગે છે પણ ખરું જોતાં અંતઃકરણ મારફત પ્રભુ જ તેમને એ આદેશ આપતા હોય છે. જો આપણે એ 'ધીમા અને શાંત' અવાજને અનુસરી ચાલીશું, તો તો આપણને પણ તે વધારે સ્પષ્ટતાથી સંભળાવા લાગશે અને સાથેના બાહોશ ભોમિયાની પેઠે આપણને સીધે જ માર્ગે તે દોરવ્યા કરશે. આ પ્રમાણે થવામાં અડચણ માત્ર એક જ હોય છે, કે આપણે તે અવાજને સાંભળતા નથી-સાંભળવા માગતા નથી; અથવા સાંભળીએ છીએ, તો તેને અનુભવતા નથી. આ પ્રમાણે આપણા જ ઘરમાં ફાટફૂટ છે. આપણે ઘડીકમાં આ બાજુ. તો ઘડીકમાં બીજી બાજુ ખેંચાઈએ છીએ; તેથી જ કોઈ પણ બાબતમાં સફળ થઈ શકતા નથી અને 'સંશયાત્મા વિનશ્યતિ'ની પેઠે આપણી અવદશા થાય છે. મારો એક મિત્ર આ આંતરિક અવાજને યથાવત્ સાંભળે છે; અને તરત જ તે અવાજના સૂચન પ્રમાણે વર્તે છે. એ અવાજ પણ તેને યોગ્ય રીતે દોરે છે કે, તેને હાથે યોગ્ય વખતે ને યોગ્ય રીતે યોગ્ય જ કામ થાય છે; તથા સંશયદશામાં તે કદી પણ હોતો નથી. પણ આ સ્થળે કોઈ શંકા કરે છે, 'અંતરપ્રેરણા પ્રમાણે, અંતરના અવાજ પ્રમાણે ચાલવું, એ તો કોઈ વખતે નુકસાનકારક નીવડે કે નહિ? ધારો કે એ અંતરનો અવાજ આપણને કોઈનું નુકસાન કરવા સૂચવે, તો તેમ કરવું કે નહિ?'

એ શંકાનો એ જ ઉત્તર છે કે, આવો પ્રશ્ન રાખવાનું કારણ જ નથી; કેમ કે અંતઃકરણ દ્વારા બોલતો પ્રભુનો અવાજ કોઈનું પણ નુકસાન કરવા તરફ અથવા તો ખરું સત્ય અને ન્યાય વિરુદ્ધ કોઈને દોરવતો જ નથી; અને જો કોઈ વાર તમને એવો જ વિચાર આવે તો નક્કી સમજજો, કે, તે અવાજ અંતર્યામી પરમાત્માનો નથી, પણ તમારા હલકા સ્વભાવ તરફનું સૂચન છે.

મનુષ્યને જ્યારે પોતાની પ્રકૃતિનું ખરું ભાન થાય છે, ત્યારે જ તેનામાં ખરી અંતઃપ્રેરણા જાગ્રત થાય છે; અને જ્યારે પરમ ચૈતન્ય સાથેના પોતાનો સંબંધ સમજાય છે, ત્યારે જ તેને કાર્ય-અકાર્યનું ખરું ભાન થાય છે; તથા જે છૂપાં રહસ્યો પ્રથમ નથી સમજાયાં હોતાં, તે ખરું ભાન થતાં પણ ખુલ્લાં થઈ જાય છે. પોતાના અંતરમાં રહેલી ઉત્તમ યોગ્યતા અને શક્તિઓને પ્રકટ કરવાનો આ જ સર્વોત્તમ માર્ગ છે- ખરેખરી કેળવણીનો આ જ પ્રકાર છે. અનંત ચૈતન્યસ્વરૂપ પરમાત્માનો અવાજ સાંભળવાને જો આપણે હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખીશું, તો જાણવા યોગ્ય સર્વે બાબતો આપણને સ્પષ્ટ થતી લાગશે; અને આપણું પોતાનું તથા વસ્તુમાત્રનું ખરું સ્વરૂપ આપણે પિછાની શકીશું. - **'પ્રભુમય જીવન' માંથી સાભાર.**

## ખભો આપવો એ મહાપુણ્ય છે.

કોઈ એક પરિવારમાં સ્વજનનું મૃત્યુ થયું. સગા સંબંધી, સ્નેહીજનો, મિત્રો ભેગા થયા. ભારે હૈયે નીતરતી આંખે એમની અંતિમયાત્રા નીકળી. આ સ્નેહીઓમાં એક જણ સાથે એમનો નાનકડો પુત્ર આવેલ. નનામી ઉંચકવા, બધાજ તલપાપડ હતા. એક પછી એક ખભો આપ્યે જતા હતા પેલા કિશોરે સહજ ભાવથી પિતાને પૂછ્યું, ''પપ્પા આ સૌ પેલી નનામીને ઉંચકવા, હાથ આપવા કેમ દોડાદોડી કરી રહ્યા છે?'' પિતાએ ધીરેથી જવાબ આપ્યો, ''બેટા કોઈને આવા દુઃખદ પ્રસંગે મદદરૂપ થવું એ કર્તવ્ય છે. મરણપછી શરીરનું વજન વધે એટલે બધા ટેકો આપી નનામી ઉંચકી રહ્યા છે અને આ એક પુણ્યકાર્ય પણ છે.''

પિતાની વાણી સાંભળી એ કિશોર સહેજ મલકાયો એટલે પિતાને નવાઈ લાગી...!! ''બેટા હસવું કેમ આવ્યું...?'' કિશોરે સહજતાથી કહ્યું ''પપ્પા! મૃતાત્માને ખભો આપવા ઉત્સાહભર્યો સહકાર જે સ્નેહીઓ અત્યારે આપી રહ્યા છે, એવો જ સાથ-સહકાર એમના જીવતાં આ પરિવારને આપ્યો હોત તો કેટલી સાંત્વના અને હુંફ એમને મળત! મૃતકને ખભો આપવો એ પુણ્યનું કામ છે. તો જીવતાને સાથ સહકાર હુંફ આપી ખભો આપવો એ તો મહાપૂણ્યનું કામ કહેવાય ને પપ્પા...!!''

# સાહજીક જીવન એ જ સાધના

સાધના ગમે તેવી પણ જીવનલક્ષી કે બ્રહ્મલક્ષી કે પ્રભુલક્ષી હોય તો તેના ગમે તેટલાં નિયમનો કે આચાર સંહિતાઓ હોય તે પરિણામે સાધકના કરતાં બાધક નીવડે છે; કારણ કે, જે ગૌણ છે એ જ પ્રધાન બની જાય છે અને અધ્યાત્મસાધનામાં આ પરિસ્થિતિ ભુલાઈ જવાને કારણે માઠાં પરિણામો પણ આવે છે.

બાઉલની એક વાત છે. એક ગામમાં એક બાઈ રહેતી. તે પરણેલી નહિ. એને લોકો ગાંડી કહેતા. એ બાઈ રોજ જુવે કે બધી સ્રીઓ પતિના આવવાના સમયે સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરે છે: કપાળમાં ચાંલ્લો, હાથમાં ચૂડીઓ, પગમાં મેંદી, ફૂલના ગજરા વગેરે એક વાર એ બાઈ પણ આવાં બધાં ઉપકરણોથી સજ્જ બનીને ગામમાં ફરવા લાગી! એવામાં એક મંદિર પાસે તે ગઈ. એ વખતે કપાળમાં તિલક, ગળામાં માળા, વગેરે ધારણ કરેલા પુરોહિત મંદિરમાંથી બહાર નીકળી રહ્યા હતા. એમણે એ બાઈને જોઈને પૂછ્યું: ''અરે પગલી, આ બધી ધામધૂમ શાની છે!'' ગાંડી કહે: ''કેમ, જાણતા નથી કે મારા સ્વામી આવવાના છે?'' પુરોહિત કહે: ''પણ તારાં તો લગ્ન જ ક્યાં થયાં છે કે પતિ આવવાની વાત કરે છે?'' પેલી પગલીએ જવાબ આપ્યો: ''સ્વામી આવવાના હોય ત્યારે બધી સ્રીઓ આવાં સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરે છે. એટલે મેં પણ વિચાર્યું કે આ બધું કરું તો મારા પતિ પણ આવે; કેમ, શું ખોટું છે?'' ''અરે ગાંડી નહિ તો? તારા પતિ જ ક્યાં છે તે આવે?'' ગાંડી બોલી: ''મહારાજ, તમે જ ખરા પાગલ છો; કારણ કે, જેના હૃદયમાં પ્રભુ સ્વામી, આરૂઢ હોય તે તમારા જેવો વેષ રાખે તો ચાલે, પરંતુ તમે તો ઊલટું આનો ભેખ દેખાવ ધારણ કરીને ભગવાનને હૃદયમાં સ્થાપવાની આકાંક્ષા સેવો છો! હું તો ધારો કે કદાચ આવા કૃત્રિમ ઉપાયો દ્વારા પણ કોઈ મનુષ્ય દેહધારી સ્વામીને પ્રાપ્ત કરી શકું, પણ જેઓ ઘણી કઠોર સાધનાથી પ્રાપ્ત કરી શકાય એવા વિશ્વના સ્વામીને તમે આવા ભેખથી શી રીતે મેળવશો?''

ખરી વાત છે સાહજિક જીવન. કોઈ સાધનપ્રણાલી કે એવું ગમે તે માત્ર ગૌણ છે. આવા જીવનથી બધાં જડ ઉપકરણો સચેતન થઈ જાય છે. દીવાનાં પાત્ર, તેલ, દીવેટ બધું અર્થહીન છે. જેવી શિખા પ્રગટી કે તરત એ પાત્ર તેલ, દીવેટ ચેતનવંતાં બની જાય છે. જ્યાં લગી એ જ્યોત પ્રગટી ન હોય ત્યાં લગી એક નવટાંકને બદલે મણ તેલ વાપરો, નાનકડી દીવેટને ઠેકાણે રૂનો જથ્થો લઈ આવો, તોય શું? અરે, એક ચિનગારી પણ પ્રગટે નહીં! એ તો જ્યોતિના સ્પર્શમાત્રથી બધું ઝળહળી ઊઠે, પ્રાણવાન બની જાય, પ્રકાશ આપે!

બીજી રીતે વિચારીએ આ બધો કર્મકાંડ, જીવનની સાધનાનાં અંગો - સંધ્યા, ઉપાસના, નામજપ, તપ વગેરે શા કામનાં? કંઈ થતું તો નથી? નથી ભગવાન તરફ જવાતું, નથી કોઈ સિદ્ધિ જણાતી? તો શા કામની આ સાધના? એક બાઉલે બીજા બાઉલને ઉપર મુજબ પ્રશ્ન કર્યો. બાઉલે કહ્યું: ''એમ કરવાથી કાંઈ જ લાભ નથી. સંધ્યાપૂજા વગેરે માર્ગ છે. એ માર્ગે ચાલતાં ચાલતાં સાચા જીવનની રાહ જો. એ બધું કાંઈ કામમાં આવતું નથી એ સાચું; પણ એમ એ બધું તરછોડ્યે નહિ ચાલે! નદીમાં પાણીનું પૂર આવે નહિ ત્યાં લગી ઊંડા ખાડા નકામા છે. પાણી આવ્યું નથી એમ માનીને એ ખાડા પૂરી દઈએ તો જ્યારે ચોમાસાના પાણીનું ઐશ્વર્ય વરસશે ત્યારે તેને ઝીલનારો આધાર ક્યાંથી લાવશો? આપણે પ્રવાહનો માર્ગ બંધ કરી દઈએ તો પછી જ્યારે ભગવતકૃપાથી ધારા પ્રવાહિત થાય ત્યારે એ ધારા કયાંથી વહેશે? એ વખતે પેલા નકામા લાગતા ખાડાનું મહત્ત્વ પણ સમજાય છે!

સાધનાનાં આવાં ઘણાં પાસાં છે. ભગવાનની કૃપા ઊતરી એટલે નિરર્થક જણાતું સાર્થક થઈ જાય, નિરક્ષર બાઉલ રવીન્દ્રનાથને પણ ડોલાવે એવું ગાય, કહેવાય તરણું પણ કામ કરી જાય તલવારનું, કહેવાતો પાગલ બની જાય પરમ ભક્ત! પેલો જૅકબ ક્યાં ભણ્યો હતો અને બની ગયો જર્મનીનો મહાન મરમી, તત્ત્વવેત્તા, કેટલાકને હિસાબે સર્વશ્રેષ્ઠ ફિલસૂફ! **લેખક: જયંતીલાલ આચાર્ય,**

**'મરમી સંતોનું દર્શન' પા.૧૧૬-૧૧૭-૧૧૮ માંથી સાભાર.**

---

**(પાના ૧૨નું ચાલુ)**

એના બદલે આપણે હમણાં જ બધી વધારેની પ્લેટો પૅક કરીને હૉટેલની બીજી કોઈ બ્રાંચ- જ્યાં પ્લેટોની આવશ્યકતા હોય- ત્યાં મોકલી આપવી જોઈએ. હવેથી આપણે એવી બધી જગ્યાઓ જ્યા 'મુડા' થઈ રહ્યું છે તેને શોધી કાઢી એનું નિવારણ કરીએ.''

હવે કર્મચારીઓને પણ એમની હૉટેલમાં ક્યાં ક્યાં 'મુડા' થઈ રહ્યું છે અને તેને કેવી રીતે ટાળી શકાય તે શોધવાની ઉત્સુકતા જાગી.

કાર્યશાળાના અંતિમ દિવસે શ્રી મસાકીએ એક વાર્તા કહી....

શિકાર કરવાનો શોખ ધરાવતા એક જાપાની અને એક અમેરીકનનો જંગલમાં ભેટો થયો. તેઓ ગીચ જંગલમાં પહોંચ્યા અચાનક એમના જાણમાં આવ્યું કે તેઓની પાસે બંદૂકમાં એક પણ ગોળી બાકી રહી ન હતી. ત્યારે જ તેમને એક સિંહની ગર્જના સંભળાઈ. બન્ને જણ ભાગવાની તૈયારીમાં પડ્યા. પરંતુ પેલા જાપાની ભાઈ તો થોભી ગયા અને સ્પોર્ટ શૂઝ પહેરવા લાગ્યા.

અમેરિકન ભાઈએ કુતુહલથી પુછયું, ''અરે, આ તમે શું કરી રહ્યા છો? આપણે તો સૌ પ્રથમ ગાડી સુધી પહોંચવુ જરૂરી છે.''

જાપાનીએ ઉત્તર આપ્યો, ''ના, મારે તો ફક્ત તમારાથી આગળ રહેવાનું છે.''બધાં જ કર્મચારીઓ, જે વાર્તા સાંભળવા મશગુલ થઈ ગયા હતા, તેઓને અચાનક જણાયુ કે સિંહને પહેલુ શિકાર મળે એટલે તે થોભીં જ જવાનો હતો.

તો આ વાર્તાની શિખામણ એ છે - આજની દુનિયામાં સ્પર્ધા એટલી કટોકટીની બની ગઈ છે કે આપણે આપણા પ્રતિસ્પર્ધીથી બે ડગલા આગળ રહેવું જરૂરી બની ગયું છે.

શ્રી મસાકીએ કહ્યું, ''ભારત કુદરતી સંપદાથી ભરેલું છે. એ સંપદા વાપરી, એનો વ્યય ન કરતા અને ઉત્કૃષ્ટ ગુણવત્તા જો ગ્રાહકને આપી શકો તો તમે ઈતર રાષ્ટ્રોથી ઘણાં જ આગળ રહી શકશો.''

જીવનમાં હજી મોડું નથી થયું.

ચાલો આપણે આપણા જીવનમાંથી 'મુડા' ને શોધી કાઢી દૂર કરવાનો પ્રયત્ન કરીએ. **ટીના સંપ્રતિ ગડા - (ઈન્ટરનેટ પરથી)**

**પ્રેષક: શાંતિલાલ ગડા, અંધેરી.**

**કલાનું અંતિમ અને સર્વોચ્ચ ધ્યેય સૌંદર્ય છે**
**ત્યાગ એ સાત્વિક આનંદ છે-ગાંધીજી**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## મુડા

તાજ હૉટલ ગ્રુપે જાપાનના શ્રી મસાકી ઈમાય ને પોતાના કર્મચારીઓ માટે કાર્યશાળા લેવા આમંત્રિત કર્યા હતા.

''ગુડ મોર્નિંગ! ચાલો કામે લાગીએ મને કહેવામાં આવ્યુ છે કે મારે અહિં તમારા માટે કાર્યશાળા લેવાની છે. પરંતુ આ પરિષદકક્ષમાં મને નથી તો કાર્ય દેખાતું, નથી શાળા જેવુ લાગતું. તો ચાલો આપણે જ્યાં કાર્ય થઈ રહ્યું છે તે સ્થળે તેનું પ્રત્યક્ષ વિશ્લેષણ કરીએ. સૌથી પહેલા આ મજલાપરના પહેલા કક્ષથી આપણે શરૂઆત કરીએ.''

શ્રી મસાકી અને હૉટેલના તમામ કર્મચારીઓ અને વિડીઓ લેવાવાળા બધાં જ તે કક્ષની બહાર પહોંચી ગયા. તે ઓરડો લૉન્ડ્રી રૂમ હતો, જ્યાં હૉટલની ચાદરો, બેડશીટ, કપડા વગેરે ધોવાતા. શ્રી મસાકી એ રૂમમાં દાખલ થતાંજ બારી પાસે ગયા અને બોલ્યા, ''વાહ! શુ દ્રશ્ય છે, કેટલુ સુંદર દ્રશ્ય છે!''

''આવા સુંદર દ્રશ્ય ધરાવતાં ઓરડાને ગેસ્ટરૂમ બનાવો. કપડા ધોવાના કક્ષ તરીકે (લોન્ડ્રી રૂમ) એનો વ્યય ન કરો. કપડા તો ભોંયતળિયામાં પણ ધોઈ શકાય. તેના માટે આટલા સરસ રૂમને વ્યય (waste) કરવાની જરૂર નથી.''

'અહા' આ વાત તો કોઈને સુઝી જ ન હતી.

મેનેજરે કહ્યુ, ''હા એવુ તો કરી શકાય.''

''હા તો ચાલો તે કરી નાંખીએ.'' શ્રી મસાકી બોલ્યા.

''હા જી, હું એની નોંધ લઈ રાખુ છુ અને કાર્યશાળાના અહેવાલમાં એને શામિલ કરીશ.'' મેનેજરે કહ્યું.

''ક્ષમા ચાહું છું પણ આ કંઈ નોંધ કરવા જેવી વાત નથી. એને તો હમણાં જ અમલમાં મૂકી દઈએ.''

''હમણાં જ?'' મેનેજરે પ્રશ્ન કર્યો.

''હાં, હમણાંજ, ભોંયતળીયાનો એક રૂમ નિશ્ચિત કરી અહિયાંનો બધો સમાન ત્યાં લઈ જાઓ. એના માટે થોડા કલાક લાગશે, બરાબર?'' એમ શ્રી મસાકી એ પુછયું. મૅનેજરે હોંકારો દીધો.

એ પછી તેઓ હૉટેલના રસોડામાં ગયા.

રસોડામાં પેસતા જ બન્ને બાજુ સીંકમાં ધોયા વગરની પ્લેટોનો ઢગલો હતો. શ્રી મસાકીએ પોતાનું જાકેટ કાઢી, પ્લેટ ધોવાનું શરૂ કર્યું. હૉટેલના મૅનેજર બોલી પડ્યા, ''સર, આ તમે શું કરી રહ્યા છો?''

''એમા શુ? હું તો પ્લેટ ધોઈ રહ્યો છું.'' શ્રી મસાકીએ જવાબ આપ્યો.

''પણ સર, પ્લેટો ધોવા માટે હૉટેલના નિમાયેલા કર્મચારીઓ છે.'' મેનેજરે કહ્યું. ''તેઓ આવીને પ્લેટો ધોઈ લેશે તમે શા માટે આ કામ કરી રહ્યા છો?'' શ્રી મસાકીએ બધી પ્લેટો ધોયા બાદ મેનેજર ને પુછયું, ''તમારી પાસે કુલ કેટલી પ્લેટો હશે?''

''ઘણી બધી'' એમ મેનેજરે સહજ કહ્યું, ''જેથી કરીને પીરસવા માટે પ્લેટોની અછત પડવી ન જોઈએ.''

શ્રી મસાકીએ મેનેજરને સમજાવતા કહ્યું, ''અમારી જાપાની ભાષામાં 'મુડા' કરીને એક શબ્દ છે. એનો અર્થ થાય છે વિનાકારણનો વિલંબ અને વિનાકારણનો ખર્ચ. આ કાર્યશાળામાં પહેલો પાઠ શીખવો જોઈએ કે જે જગ્યાએ આવું 'મુડા'- વિનાકારણનો વિલંબ અને વિનાકારણનો ખર્ચ- થતો હોય તેને તાબડતોબ ટાળવો જોઈએ. જો તમારી પાસે આવશ્યકતા કરતા વધારે પ્લેટો રહેશે તો તેનો ધોવામાં વિલંબ થવાનો જ છે. વળી એવી પ્લેટો વસાવવાનો હૉટેલને વિનાકારણનો ખર્ચો કરવો પડે છે. આ 'મુડા' જેવી પરિસ્થિતિનું નિવારણ કરવા માટે તમારે અનાવશ્યક પ્લેટો કાઢી નાખવી જોઈએ.''

''જી સાહેબ આ સુચન અમે અહેવાલમાં લખીશું.'' મેનેજરે જણાવ્યું.

''ના, અહેવાલ લખવો એ પણ સમયનો વ્યય છે અને કાર્યના વિલંબ કરવાનું મુળ કારણ છે. આ પણ એક પ્રકારનો 'મુડા' જ છે. આપણે એમાં સમય વેડફવો નહિ જોઈએ.

**(અનુસંધન પાના નં.૧૧)**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2016
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**